તા. ૦૨-૦૩-૨૦૨૧
મંગળવાર
વિ.સ. ૨૦૭૭, મહા વદ-૩
અંક : ૧૨૪
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### દેશભરમાં કોરોના વેક્સિનેશન ૨.૦ની શરૂઆત

# મોદીએ એમ્સ હોસ્પિટલમાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

## વડાપ્રધાનને ભારત બાયોટેકની કોવેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો, પોડિંચેરીની સિસ્ટર પી નિવેદાએ મોદીને રસી લગાવી

## રસી લગાવતા સમયે મોદીએ નર્સને મજાકમાં કહ્યું,નેતા જાડી ચામડીના હોય છે, મોટી સોય લગાવો સાથે મળીને ભારતને કોરોના મુક્ત બનાવીએઃ મોદી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં આજે કોરોના વેક્સિનેશન ૨.૦ની શરૂઆત થઈ ગઈ છે. આજથી ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો (ગંભીર બીમારી વાળા) લોકોને વેક્સિન લગાવવામાં આવી રહી છે. સોમવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સિન લગાવી છે. અને ત્યારપછી બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, નવીન પટનાયક જેવા સીનિયર નેતાઓએ પણ વેક્સિન લગાવી છે.




રસી લીધા બાદ પીએમ મોદીએ કહ્યું, કોરોના વાયરસ વિરૂદ્ધ વૈશ્વિક લડાઈને મજબૂતી આપવા માટે જે ઝડપથી આપણા ડોક્ટરો અને વૈજ્ઞાનિકોએ કામ કર્યું છે તે ઉલ્લેખનીય છે. જે લોકો રસી લેવા માટે યોગ્ય છે, હું એ બધાને રસી લેવાની અપીલ કરું છું. સાથે મળીને ભારતને કોરોના મુક્ત બનાવીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કોરોનાની પ્રથમ રસી લગાવી દીધી છે, તેમણે ભારત બાયોટેકની કોવેકિસનનો ડોઝ આપવામાં આવ્યો હતો. તે સોમવાર સવારે આસામનો ખેસ પહેરીને દિલ્હીની AIIMS પહોચ્યા હતા. અહી પોડિચેરીની સિસ્ટર પી નિવેદાએ મોદીને રસી લગાવી હતી, આ દરમિયાન કેરળની એક સિસ્ટર પાસે ઉભી હતી. વેક્સિન લગાવવાના સમયે પીએમ મોદીએ નર્સને કહ્યું કે, નેતા મોટી ચામડીના હોય છે, મોટી સોય લગાવો. આ ત્રણેય રાજ્યમાં ૨૭ માર્ચથી ૬ એપ્રિલ સુધી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. સિસ્ટર પી નિવેદાએ મીડિયાને જણાવ્યુ કે વડાપ્રધાન મોદીએ રસી લગાવ્યા બાદ કહ્યુ, 'લગાવી પણ દીધી, ખબર જ ના પડી'.

વડાપ્રધાનને પોડિચેરીની નર્સ પી નિવેદાએ રસી લગાવી હતી, જે બીજી નર્સ હાજર હતી તે કેરળની છે. વેક્સીન લગાવતા સમયે PM મોદીએ આસામનો ખેસ ગળામાં પહેરેલો હતો. આ ત્યાની મહિલાઓના આશીર્વાદનો સિમ્બોલ છે. મોદી પહેલા પણ કેટલાક પ્રસંગે આવો ખેસ પહેરતા જોવા મળ્યા છે. આ પણ સંયોગ છે કે કેરળ, પોડિચેરી અને આસામમાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણી યોજાવાની છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સીન લગાવતા સમયે હસતી તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જેના દ્વારા તેમણે વેક્સીનને લઈને સામાન્ય લોકોના મનમાં શંકા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ વિપક્ષના તે નેતાઓને પણ મેસેજ આપ્યો, જેમણે વેક્સીનેશનની મંજૂરીની પ્રોસેસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

કોંગ્રેસ તરફથી કેટલીક વખત નિવેદન કરવામાં આવ્યુ કે દેશમાં વેક્સીન પ્રત્યે વિશ્વાસ બતાવવા માટે સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સીન લેવી જોઈએ. કોંગ્રેસ નેતા અજીત શર્માએ વેક્સીનેશનની શરૂાતમાં જ નિવેદન આપ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના સીનિયર નેતાઓને સૌથી પહેલા વેક્સીન લગાવી જોઈએ.

કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ પણ પત્રકાર પરિષદમાં ઉલ્લેખ કર્યો હતો કે વિશ્વના કેટલાક દેશના રાષ્ટ્રીય અધ્યક્ષ વેક્સીન લગાવી રહ્યા છે, શું ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વેક્સીનને લગાવશે.

આપને જણાવી દઈએ કે દેશના અંદાજે ૧૦ હજાર સરકારી સેન્ટર્સ પર મફતમાં વેક્સીન મળી રહી છે જ્યારે પ્રાઈવેટ સેન્ટર્સ પર આ વેક્સીન ૨૫૦ રૂપિયામાં પ્રતિ ડોઝના હિસાબથી અપાશે.

### કોરોના કેસો વધતાં મુખ્યમંત્રીએ લોકડાઉનના સંકેત આપ્યા

# મહારાષ્ટ્રમાં લોકડાઉન લગાવવા નથી માંગતો પરંતુ મજબુરી છેઃ ઉદ્ધવ ઠાકરે

(જી.એન.એસ.)મુંબઇ,તા.૧

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સમગ્ર રાજ્યમાં ગયા વર્ષની જેમ ફરીથી કોરોના-લોકડાઉન લાગુ કરવાના મામલે એક સંકેત આપ્યો છે. એમણે કહ્યું છે કે, 'રાજ્યમાં ફરી લોકડાઉન લાગુ થાય એવું હું ઈચ્છતો નથી, પરંતુ મજબૂરી પણ એક કારણ હોય છે.'



આમ છતાં, ઠાકરેએ જનતાને ખાતરી આપી છે કે પોતે કોરોના વાઈરસના કેસોની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. રાજ્યમાં ફરી લોકડાઉન ટાળવું હોય તો લોકો માસ્ક પહેરે, સોશિયલ ડિસ્ટન્સ સહિતના કોવિડ-૧૯ નિયમોનું પાલન કરે. મુંબઈમાં ગઈ કાલે એક જ દિવસમાં કોરોનાના નવા ૧,૦૫૧ કેસ નોંધાયા હતા અને પાંચ જણનું મૃત્યુ થયું હતું. પુણે શહેરમાં ૧૪ માર્ચ સુધી સ્કૂલ, કોલેજ, ખાનગી કોચિંગ સેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા છે. રાતનો કર્ફ્યૂ પણ ૧૪-માર્ચ સુધી લંબાવી દેવાયો છે.

છેલ્લા અઠવાડિયાથી મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં રવિવારે કોવિડ -૧૯ ના આઠ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે જ્યારે ૨૪ કલાકમાં ૬૨ લોકોનાં મોત નીપજયાં છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૫૨,૧૫૪ લોકો કોરોના વાયરસને કારણે મૃત્યુ પામ્યા છે. રવિવારે કોરોના વાયરસના ૮,૨૯૩ નવા કેસ નોંધાયા છે, આ પાંચમો દિવસ છે જ્યારે રાજ્યમાં આઠ હજારથી વધુ કોરોના કેસ નોંધાયા છે.

## આપણે સચિન-વિરાટની સદી જોઇ હવે પેટ્રોલ-ડિઝલની સદી જોઇ રહ્યા છીએઃ ઉદ્ધવ

(જી.એન.એસ.) મુંબઇ,તા.૧

પેટ્રોલ-ડીઝલના વધતા ભાવોએ જ્યાં સામાન્ય લોકો માટે માથાનો દુઃખાવો કરી દીધો છે ત્યાં વિરોધી પક્ષ આ મુદ્દે સરકારને ઘેરવા માટે દરેક સંભવ પ્રયત્ન કરી રહ્યા છે. હવે ઈંધણની કિંમતો માટે મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેએ પીએમ મોદી અને તેમની સરકાર પર જોરદાર હુમલો કર્યો છે. તેમણે રવિવારે એક પ્રેસ કૉન્ફરન્સ દરમિયાન કહ્યુ કે આપણે વિરાટ કોહલી-સચિન તેંડુલકરની સદી જોઈ છે પરંતુ હવે આપણે પેટ્રોલ-ડીઝલની સદી જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે દેશના ઘણા રાજ્યોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરનો આંકડો પાર કરી ચૂકી છે. વળી, ઘણા શહેરોમાં ઈંધણની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ લિટર પહોંચવામાં છે.

### ગેસ સિલિન્ડરનો ભાવ ૭૯૪થી વધીને ૮૧૯ રૂપિયા થયો

# મોંઘવારીનો ડબલ ડોઝઃ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધુ ૨૫ રૂપિયાનો વધારો

## એક સપ્તાહમાં બીજી વખત ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સબસિડીવાળા ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં પહેલી માર્ચથી એટલે કે આજથી ફરી ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ ૧૪.૨ કિગ્રા વજનવાળા એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ હવે વધીને ૭૯૪ રૂપિયાથી ૮૧૯ રૂપિયા થઈ ગયા છે. અગાઉ ૨૫ ફેબ્રુઆરીના રોજ પણ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.



આ તરફ કોલકાતામાં સબસિડીવાળા અને કોમર્શિયલ એમ બંને પ્રકારના ગેસ સિલિન્ડરની કિંમત વધી ગઈ છે. સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાના વધારા બાદ હવે તેની કિંમત ૮૪૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે જ્યારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં પહેલી ડિસેમ્બરથી લઈને અત્યાર સુધીમાં એલપીજી ગેસ સિલિન્ડર ૨૨૫ રૂપિયા મોંઘા થયા છે. પહેલી ડિસેમ્બરના રોજ એલપીજી ગેસની કિંમત ૫૯૪ રૂપિયાથી વધીને ૬૪૪ રૂપિયા થઈ ગઈ હતી. ત્યાર બાદ પહેલી જાન્યુઆરીના રોજ ૬૪૪ રૂપિયાથી વધીને ૬૯૪ રૂપિયા થઈ ગઈ હતી. બાદમાં ૪ ફેબ્રુઆરીએ ૬૯૪ રૂપિયાથી ૭૧૯ રૂપિયા અને તેના પછી ૧૫ ફેબ્રુઆરીએ ૭૧૯ રૂપિયાથી ૭૬૯ રૂપિયા થઈ ગઈ.

ત્યાર બાદ ૨૫ ફેબ્રુઆરીના રોજ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરાયો જેથી તેની કિંમત ૭૬૯ રૂપિયાથી વધીને ૭૯૪ રૂપિયા થઈ ગયેલી. હવે પહેલી માર્ચના રોજ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો તે સાથે જ તેની વર્તમાન કિંમત ૮૧૯ રૂપિયા થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, સરકાર પ્રત્યેક ઘર દીઠ ૧૨ સિલિન્ડર (૧૪.૨ કિગ્રાના) સબસિડી પર આપે છે.




THE SECOND WIFE
PARTY LAWNS & MULTI CUISINE RESTAURANT
AT NEW 150 FT. RING ROAD, NEAR MUNJKA CHOWKDI, OPP. DELIGHT PARTY PLOT,
OFF KALAWAD ROAD RAJKOT | MO.: +91 909 909 8868

# કૃષિમાં પ્રાઇવેટ સેક્ટરને પ્રોત્સાહન આપવાનો સમય આવી ગયો છેઃ મોદી

(જી.એન.એસ.)

ન્યુ દિલ્હી,તા.૧

કોરોના વાયરસની રસી લગાવ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું કામ કરવાનું ચાલુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે એક વેબિનારને સંબોધિત કર્યો, જેમાં બજેટમાં કૃષિ ક્ષેત્ર પર કયા પ્રકારે ફોકસ રાખવામાં આવ્યું છે તેના પર ચર્ચા થઇ. પીએમ મોદીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે જ્યારે કૃષિ સેક્ટરમાં પ્રાઇવેટ પ્લેયર્સને બળ આપવામાં આવે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું કે કૃષિ ક્ષેત્રમાં પ્રાઇવેટ અને પબ્લિક સેક્ટરમાં સાથે આવવું પડશે, દેશના નાના ખેડૂતોને ધ્યાનમાં રાખતાં સરકારે ઘણા નિર્ણય લીધા છે. પીએમ મોદીએ કહ્યું કે નાના ખેડૂતોને તાકાત આપતાં જ કૃષિ ક્ષેત્રનું ભલું થશે.

પીએમ મોદી એ પોતાના સંબોધનમાં કહ્યું કે બજેટમાં એવા ઘણા એવા નિર્ણય લેવામાં આવ્યા છે, જેનાથી સરકારના વિઝનની ખબર પડે છે. પીએમ મોદીએ કહ્યુ કે જો ત્રણ દાયદા પહેલાં આ કામ થઇ જાય તો ખૂબ સારું થાય, પરંતુ હવે આપણે વર્તમાન અને ભવિષ્યને જોઇને કામ કરવું પડશે.

પીએમ મોદીએ કહ્યું કે ફૂડ પ્રોસેસિંગ દ્વારા ખેડૂતો સાથે-સાથે પ્રાઇવેટ પબ્લિક સેક્ટરને બળ મળશે. ખેડૂતોની ઉપજને વધુ વિકલ્પ મળવો, સમયની માંગ હવે માંગડાઓની પાસે જ એગ્રો ઇંડસ્ટ્રીની સંખ્યા વધારવાની રહેશે જેથી રોજગાર અહીં જ મળશે.

પીએમ મોદીએ કહ્યું કે નાના ખેડૂતો ટ્રેક્ટર લઇ શકતા નથી, એવામાં ટ્રેક્ટરને ભાડે આપવાની સુવિધા પર ભાર મુકવામાં આવે. પીએમ મોદીએ કહ્યું કે માટીની તપાસને લઇને ખેડૂતોને જાગૃત કરવા જોઇએ. પીએમ મોદીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે કૃષિમાં પણ પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારી વધે, ફક્ત બીજ સુધી જ નહી પરંતુ તેને આગળ વધારવું જોઇએ.

# જામનગરના હાપા યાર્ડમાં ચણા-ધાણાની રેકોર્ડ બ્રેક આવક

## ચણાની ૮૧૭૪ ગુણી અને ધાણા ૨૮૦૦૦ મણ ઠલવાયાઃ મરચા ૧૮૩ ગુણી



જામનગર તા.૧: જામનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી (હાપા યાર્ડ)માં ચાલુ મોસમમાં ચણા અને ધાણાની રેકોર્ડ બ્રેક આવક નોંધાઈ છે. સાથોસાથ મરચા, મગફળી, કપાસ, રાઈ સહિતની જણસોની મબલક આવક નોંધાઈ રહી છે. ખેડૂતોને તેમની જણસના પુરતા પ્રમાણમાં ભાવો મળી રહેતા અન્ય જિલ્લામાંથી પણ ખેડૂતો તેમની અલગ-અલગ જણસો હાપા યાર્ડમાં ઠાલવી રહ્યા છે.

જામનગરના હાપા યાર્ડમાં આજે ચણાની ૮૧૭૪ ગુણી એટલે કે, ૩૨૬૯૬ મણનો જથ્થો ૨૪૫ ખેડૂતો દ્વારા લાવવામાં આવ્યો હતો. હરરાજી દરમિયાન ચણાના મણદીઠ ભાવ રૂા.૮૧૫થી રૂા. ૯૪૬ના ભાવે વેચાણ થવા પામ્યું હતું. જયારે ધાણાની ૮૦૦૦ ગુણી એટલે કે ૨૮૦૦૦ મણનો જથ્થો ૨૪૨ ખેડૂતો દ્વારા લાવવામાં આવ્યો હતો. ખેડૂતોને મણદીઠ ધાણાના રૂા.૯૨૦થી રૂા.૧૧૨૫ અને ધાણીના રૂા.૧૧૦૦થી રૂા. ૨૨૦૦ સુધીના ભાવો મળ્યા હતા.

૧૦૨ ખેડૂતો દ્વારા જીરૂ ૨૫૦૦ ગુણીનો જથ્થો ઠાલવવામાં આવ્યો હતો. જયારે ૯૮ ખેડૂતો દ્વારા રાયડાની ૨૨૭૮ ગુણી તેમજ કાળા તલની ૨૮૬ ગુણી આવક નોંધાઈ હતી. ખેડૂતોને કાળા તલના રૂા.૨૦૦૦થી રૂા.૨૩૮૦ સુધીના ભાવો મળ્યા હતા. ઉપરાંત ૯૨ ખેડૂતો દ્વારા મગફળીની ૧૮૪૧ ગુણી ઠાલવવામાં આવી હતી. ખેડૂતોને જીણી મગફળીના રૂા.૯૦૦થી ૧૨૩૦ અને જાડી મગફળીના રૂા.૧૦૦૦થી ૧૨૧૧ સુધીના ભાવો મળ્યા હતા.

જયારે ચણા ખેડૂતોને મણદીઠ ભાવ રૂા.૮૧૫થી રૂા.૯૪૬, રાયડો ૨૨૭૮ ગુણી, લસણ ૭૬ ગુણી, કપાસ ૮૪૬ ગુણી, જીરૂ ૨૫૦૦ ગુણી, અજમો ૬૭૨ ગુણી, તુવેર ૧૭૦ ગુણી અને ઘઉં ૭૩૬ ગુણીની આવક નોંધાઈ હતી.

ત્યારે જુવાર ૭૮ ગુણી, બાજરી ૧૦ ગુણી, અડદ ૨૮ ગુણી, તુવેર ૧૭૦ ગુણી, એરંડા ૧૭૮ ગુણી, તલી ૨૮૬ ગુણી, સહિતની જણસોની આવક થવા પામી હતી. ખેડૂતોને ધાણાના ૧૧૦૦થી ૨૨૦૦ સુધીના ભાવો મળ્યા હતાં તેમજ ચણાના મણ દીઠ ભાવ ૮૧૫ થી ૯૪૬ સુધીના રહેવા પામ્યા હતાં. હરરાજીમાં મોટાભાગની જણસોનું વેંચાણ થઈ જવા પામ્યું હતું. જેમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ પ્રાપ્ત થયા હતાં. તેમ યાર્ડના સેક્રેટરી હિતેશભાઈ પટેલએ જણાવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતા પાંચ વર્ષ માટેના ૧૪૮ પ્રજા પ્રતિનિધિઓ આજે નક્કી થશે

ખંભાળિયા તા. ૧: દેવભૂમિ દ્વારકા જિલ્લાની સાત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના ૨૧, ખંભાળિયા નગરપાલિકાની ૨૮, રાવલ નગરપાલિકાના ૨૪, ખંભાળિયા તાલુકા પંચાયતના ૨૩, કલ્યાણપુર તાલુકા પંચાયતના ૨૪, દ્વારકા તાલુકા પંચાયતના ૧૨, તથા ભાણવડ તાલુકા પંચાયતના ૧૬, મળી કુલ ૧૪૮ જન સેવકોનું ભાવિ ગઈકાલે ઈવીએમમાં સીલ થઈ ગયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની બરડીયા બેઠક તથા ખંભાળિયા તાલુકા પંચાયતની એક અને દ્વારકા તાલુકા પંચાયતની ચાર મળી કુલ ૬ બેઠક બિનહરિફ થઈ ચૂકી છે.

રવિવારે યોજાયેલી જિલ્લા પંચાયત, ચાર તાલુકા પંચાયત તથા ૨ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીની મતગણતરી આવતીકાલે મંગળવાર તારીખ ૨ માર્ચના રોજ યોજાશે જેમાં ખંભાળિયા નગરપાલિકાની મત ગણતરી અત્રે જડેશ્વર રોડ પર આવેલી મેઘજી પેથરાજ છાત્રાલય ખાતે તથા અહીંની તાલુકા પંચાયતની ૨૩ બેઠક અને જિલ્લા પંચાયતની ૮ બેઠક માટે અત્રે દ્વારકા હાઈવે પર કુવાડીયા નજીક આવેલી આદર્શ સ્કૂલ ખાતે મતગણતરી થશે.

જ્યારે રાવલ નગરપાલિકાની ચૂંટણીની મત ગણતરી રાવલ ખાતે આવેલી એચ.જી.એલ. હાઈસ્કુલ ખાતે, કલ્યાણપુરની તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની બેઠકો માટેની મતગણતરી સરકારી વિનયન કોલેજ કલ્યાણપુર ખાતે થશે.

આ ઉપરાંત ભાણવડની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મત ગણતરી ભાણવડ સ્થિત સરકારી વિનયન કોલેજ ખાતે તથા દ્વારકા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની યોજાયેલી ચૂંટણીની મતગણતરી શારદાપીઠ કોલેજ ખાતે થશે. સલાયા નગરપાલિકાની પેટાચૂંટણીની મતગણતરી ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર નવનિર્મિત ટાઉનહોલ ખાતે થશે. આ સ્થળે તમામ ઈ.વી.એમ. મશીનોને સીલ બંધ રીતે મૂકાવી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. રાજકીય વિશ્લેષકો દ્વારા હાર-જીત અંગેની ગણતરીઓના ધમધમાટ તથા સર્વે કામગીરીમાં રત બની ગયા છે.

# નિકાહમાં જવાની ના પાડતા ઢીચડામાં યુવાન પર પાંચ કૌટુંબિકે કર્યો હુમલો

જામનગર તા. ૧: જામનગરના ઢીચડામાં રહેતા એક યુવાનના કાકાની દીકરીનો નિકાહ પ્રસંગ યોજાયો હતો. તેમાં આવવા માટે કૌટુંબીકોએ દબાણ કરતા અને આ યુવાને તેમા જવાની ના પાડતા પાંચ શખ્સે પાઈપ, ઢીકાપાટુ વડે તેના પર હુમલો કર્યો હતો. જયારે જોડીયાના લખતરમાં એક યુવાનને ચાર શખ્સે ગાળ બોલવાની ના પડાતા ધોકાવી નાખ્યો હતો.

જામનગર નજીકના ઢીચડા ગામમાં આવેલા હુશેનીચોકમાં રહેતા હસન અલ્લારખા સંધી નામના યુવાનને શનિવારે રાત્રે ઢીચડામાં જ રહેતાં અને કૌટુંબીક કાકા અબ્દુલ ઓસમાણ સંધી, ઈરફાન ઓસમાણ, આબીદ ઓસમાણ, રજાક જુમાભાઈ, જાફર ઈસ્માઈલ સાંઢ નામના વ્યકિતઓએ પાઈપ તથા ઢીકાપાટુ વડે માર મારી પતાવી દેવાની ધમકી આપ્યાની બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદી હસન અલ્લારખાના કાકાની દીકરીના નિકાહ યોજાયા હતાં પરંતુ હસન તથા તેમના પરિવારને આ પરિવાર સાથે આવવા-જવાનો વ્યવહાર ન હોય, હસન તથા તેમનો પરિવાર નિકાહમાં જવાનો ન હતો. તેઓને નિકાહમાં આવવા માટે અબ્દુલ ઓસમાણ અને ઈરફાન ઓસમાણે કહ્યું હતું પરંતુ હસને ના પાડતા બોલાચાલી થયા પછી અબ્દુલ, ઈરફાન અને આબીદે પાઈપ ઝીંક્યો હતો. તે પછી રજાક અને જાફર પાછળથી આવ્યા હતાં. તેઓએ પણ હુમલો કર્યો હતો. પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જીપીએકટની કલમ ૧૩૫ (૧) હેઠળ ગુન્હો નોંધી આરોપીની શોધ આરંભી છે.

જોડીયા તાલુકાના લખતર ગામના રહીમ એલીયાઝભાઈ લાડક તથા લખતરના જ નરશીભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ ગયા શુક્રવારે રાત્રે વાત કરતા હતા ત્યારે નરશીભાઈએ ગાળો આપવાનું શરૂ કરતાં તેઓને રહીમભાઈએ ગાળો બોલવાની ના પાડી હતી. આ બાબતથી ઉશ્કેરાયેલા નરશીભાઈએ પોતાના પુત્ર વિમલ, પરેશ તથા જીગા કારૂભાઈ ચૌહાણને બોલાવી પાઈપ, ધોકા વડે હુમલો કરી માર માર્યો હતો. તેવી ફરિયાદ પોલીસમાં કરવામાં આવી છે.

## દ્વારકા જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના જીતના દાવા

ખંભાળીયા તા. ૧: દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૨૨ બેઠકોમાંથી ભાજપને ૧૩/૧૪, ચારેય તાલુકા પંચાયતો તેમજ ખંભાળીયા અને રાવલ નગર પાલિકામાં ભાજપનું શાસન આવશે તેવો દાવો ભાજપના જિલ્લા પ્રમુખ ખીમભાઈ જોગલ, જિલ્લાના મહામંત્રીઓએ કર્યો છે. જ્યારે કોંગ્રેસના જિલ્લા મહામંત્રી એભાભાઈ કરમુરે પણ કોંગ્રેસના વિજયનો દાવો કરતા જણાવ્યું છે કે, જિલ્લા પંચાયતમાં ૨૨માંથી ૧૨/૧૩ બેઠકો પર કોંગ્રેસનો વિજય નિશ્ચિત છે. તેમજ ભાણવડ તથા કલ્યાણપુર તાલુકા પંચાયતોમાં પણ કોંગ્રેસને બહુમતિ મળશે તેવો દાવો કર્યો છે.

## જે.એસ.ટી. આર એન્ડ બી તથા નયારા ફાઉન્ડેશનના તૃષ્ટી પોજેક્ટ હેઠળ

# ભાણવડની કન્યા વિદ્યાલય ખાતે કિશોરી કાઉન્સેલીંગ કાર્યક્રમ યોજાયો

ભાણવડ તા.૧: ભાણવડ એમ.વી.ઘેલાણી કન્યા વિદ્યાલય ખાતે કિશોરી કાઉન્સેલીંગ કાર્યક્રમ યજવામાંઆવેલ જેમાં જે.એસ.ટી. આર એન્ડ બી તથા નયારા ફાઉન્ડેશન દ્રારા ચાલતા પ્રોજેક્ટ તૃષ્ટી વતી હિરલબેન થાનકી ફિલ્ડ ઓફિસર ભાણવડ બ્લોક હાજર રહી માસિક સબંધીત અંધશ્રધ્ધા,ગેરમાન્યતમ તથા આ સમય દરમ્યાન ઉદ્દભવતા પ્રશ્નોનું નિરાકરણ કરેલ, કુપોષણ મુક્ત હેઠળ ચલાવવામાં આવતા પોજેક્ટ તૃષ્ટી અંતર્ગત કિશોરી કાઉન્સેલીંગ કરવામાં આવેલ જેમાં માસિક સબંધીત ગેરમાન્યતાઓ, મુંજવણ તથા તે સમયે રાખવાની સાવચેતી વિશે, સ્વચ્છતા વિશે,પોષણ મુક્ત ખોરાક તથા ખોરાકમાં વિવિધતા આઈ.એફ.એ.ટેબ્લેટ,



પૂર્ણાશક્તિમાંથી વિવિધ વાનગી બનાવીને ઉપયોગ કરવો વગેરે બાબતો પર કિશોરી કાઉન્સેલીંગ કરવામાં આવ્યુ તેમજ કિશોરીઓને મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ ફિલ્ડ ઓફિસર હિરલબેન થાનકી દ્રારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે ગર્લ્સ સ્કુલના પ્રિન્સીપાલ નીતાબેન ગજેરા તથા સ્ટાફ તરફથી ખુબ સહકાર મળેલ હતો.

# સ્કાયટ્રેન ઈન્ક.માં રિલાયન્સે બહુમતી હિસ્સો હાંસલ કર્યો

મુંબઈ, તા.૧: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રિલાયન્સ સ્ટ્રેટેજિક બિઝનેસ વેન્ચર્સ લિમિટેડ (''RSBVL'') દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે તેણે ૨૬.૭૬ મિલિયન અમેરિકી ડોલરમાં સ્કાયટ્રેન ઈન્ક. (''skyTran'')માં વધારાનો ઈક્વિટી હિસ્સો મેળવીને કંપનીમાં ફુલ્લી ડાયલ્યૂટેડ બેઝિઝ પર કુલ ૫૪.૪૬ ટકાની હિસ્સેદારી હાંસલ કરી છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA)ના ડેલવેરના કાયદા મુજબ વર્ષ ૨૦૧૧માં સ્થપાયેલી સ્કાયટ્રેન એક ટેક્નોલોજી કંપની છે. સ્કાયટ્રેને ટ્રાફિકની વૈશ્વિક સમસ્યાને ઉકેલવા માટે પેસિવ મેગ્નેટિક લેવિટેશન એન્ડ પ્રોપલ્શન ટેક્નોલોજીની શોધ કરી છે. સ્માર્ટ મોબિલિટી સોલ્યૂશનનું સર્જન કરવા માટે સ્કાયટ્રેને આ ટેક્નોલોજી ડેવલપ કરી છે. સ્કાયટ્રેન દ્વારા શાધવામા આવલા આત આધુનક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ તેના દ્વારા ખાસ વિકસાવવામાં આવેલી પેટન્ટેડ પેસિવ મેગ્નેટિક લેવિટેશન ટેક્નોલોજી પર આધારિત છે અને અત્યાધુનિક આઈટી, ટેલિકોમ, IoT અને એડ્વાન્સ મટિરિયલ ટેક્નોલોજીનો ઉપયોગ કરશે જે ઝડપી, સુરક્ષિત, પર્યાવરણીય રીતે અનુકૂળ અને આર્થિક રીતે પરવડે તેવી હશે. કંપનીને ઈનોવેશન એન્ડેવર્સ જેવા વિશ્વ કક્ષાના નોંધપાત્ર વેન્ચર કેપિટલ ઈન્વેસ્ટર્સની પણ સહાય મળી રહી છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ કહ્યું હતું કે, ''સ્કાયટ્રેનમાં બહુમતી હિસ્સો હાંસલ કરવો એ ભવિષ્યની ટેક્નોલોજીના નિર્માણમાં રોકાણ કરવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે જે વિશ્વને નવો આયામ આપશે. ભારતમાં અને વિશ્વમાં અન્યત્ર શહેરની અંદર અને શહેરો વચ્ચે ઝડપી કનેક્ટિવિટી માટે, ઝડપી-કાર્યક્ષમ-પરવડે તેવું ટ્રાન્સપોર્ટેશન સર્વિસ પ્લેટફોર્મ વિકસાવવા માટે સ્કાયટ્રેન જે સ્તરની ક્ષમતા ધરાવે છે એ જોઈને અમે ઉત્સાહિત છીએ. અમે દઢપણે માનીએ છીએ કે વૈકલ્પિક ઊર્જાનો ઉપયોગ કરીને વાયુ તથા ધ્વનિ પ્રદુષણમાં નોંધપાત્ર ઘટાડો કરીને પ્રદુષણમુક્ત ઝડપી વ્યક્તિગત ટ્રસ્પોર્ટેશન સિસ્ટમ પર્યાવરણની જાળવણીમાં મહત્વનું યોગદાન આપશે. ''આ સોદામાં રિલાયન્સ તરફે કોવિન્ગટન એન્ડ બર્લિંગ એલએલપી કાયદાકીય તથા ફ્રેશફિલ્ડ બ્રૂકહોન્સ ડેરિંગર યુએસ એલએલપી આઈપી સલાહકાર તરીકે હતા.

# દ્વારકા જિલ્લામાં બોર્ડની પરિક્ષા સંદર્ભે ઝેરોક્ષ મશીન બંધ રાખવા તાકીદ

## પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન સાથે પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ

ખંભાળિયા, તા. ૦૧: ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા રાજય વેરા નીરીક્ષક વર્ગ-૩ની જગ્યા ઉપર ભરતી માટેની પ્રિલીમિનરી પરીક્ષા આગામી તા.૭ માર્ચના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીના દુષણના કારણે ઉમેદવારોને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. જેથી દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે. એમ. જાનીએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરી, ખંભાળિયા શહેરમાં આવેલ રાજય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા માટેના કેન્દ્રો ખંભાળિયામાં શારદા હાઈસ્કુલ, દા.સુ. ગર્લ્સ હાઈસ્કુલ, આદર્શ વિદ્યાલય, એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, સેન્ટ કર્વે હાઈસ્કુલ, તથા નવચેતન વિદ્યાલય (પોરબંદર હાઈવે)ની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા.૭ ના રોજ સવારે ૯થી ૨ વાગ્યા સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ પરીક્ષા કેન્દ્રોમાં કોઈ પરીક્ષાર્થી મોબાઈલ ફોન કે અન્ય કોમ્યુનિકેશનના ઈલેક્ટ્રોનિસ સાધનો સાથે પ્રવેશ કરવો નહી. જાહેરનામાનાનો ભંગ કરનાર શિક્ષાના પાત્ર ઠરશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જામનગરના પેટ્રોલપંપના માલિકની આગોતરા જામીન અરજી નામંજૂર

જામનગર તા. ૧: જામનગરના સાતરસ્તા નજીકના પેટ્રોલપંપના સંચાલકે અદાલતમાં આગોતરા જામીન મેળવવા કરેલી અરજી નામંજૂર થઈ છે. આ આસામી તથા અન્ય એક શખ્સે સાત વર્ષ પહેલા અપાયા પછી પરત લેવાના બાકી રહી ગયેલા ચેકનો દુરોપયોગ કર્યાની પોલીસમાં ફરિયાદ થઈ હતી.

જામનગરના સાતરસ્તા પાસે આવેલા અમિત પેટ્રોલ પંપમાં મિતલ લલીતભાઈ પોપટ તથા જીનેશ ઈન્ડસ્ટ્રીઝ વાળા જીનેશ ફુલચંદભાઈ શાહ ભાગીદાર છે. પેટ્રોલ પંપનો સંપૂર્ણ વહીવટ મિતલ પોપટના પિતા લલીતભાઈ સંભાળતા હતાં. તેઓને પેટ્રોલની ખરીદી માટે વર્ષ ૨૦૧૪માં જીનેશભાઈએ રૂા. ૧૩ લાખની લેટરપેઈડ પર પ્રોમીસરી નોટ લખી આપી હતી તથા એસબીઆઈની દિગ્વિજય પ્લોટ શાખાના સાત કોરા ચેક સહી કરી, તારીખ નાખ્યા વગર લલીતભાઈને આપ્યા હતા.

તે ચેકમાંથી છ ચેક લલીતભાઈએ પરત આપ્યા હતાં અને એક ચેક તેમની પાસે રહી ગયો હતો. તે દરમ્યાન ગઈ તા. ૧૬-૯-૨૦ના દિવસે રફીક ઈબ્રાહીમ ખફી નામના આસામીએ જીનેશભાઈને નોટીસ પાઠવી હતી. જેમાં તેઓએ રફીક પાસેથી રૂા. ૧૩ લાખ ઉછીના લીધા પછી ચેક આપ્યો હતો અને તે ચેક બેંકમાંથી પરત ફર્યો છે તેમ જણાવવામાં આવ્યું છે. ઉપરોક્ત નોટીસ મળતા જીનેશભાઈ ચોંકી ગયા હતા. તેઓએ આવો કોઈ ચેક રફીક ખફી નામની વ્યક્તિને ન આપ્યાની અને આ વ્યક્તિને ઓળખતા ન હોવાનું જણાવી તે ચેક લલીતભાઈ પાસે રહી ગયેલો હતો તે ચેક હોવાની રાવ સાથે જીનેશભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે લલીત પોપટ તથા રફીક ઈબ્રાહીમ સામે આઈપીસી ૪૦૬, ૪૧૭, ૧૧૪ હેઠળ ગુન્હો નોંધ્યો હતો. આ ગુન્હામાં પેટ્રોલપંપ સંચાલક લલીત પોપટે પોતાની પોલીસ ધરપકડ કરશે તેવી ભીતીથી જામનગરની અદાલતમાં આગોતરા જામીન મેળવવા માટે અરજી કરી હતી તેની સામે આરોપીની કસ્ટડી જરૂરી હોવાની દલીલ ફરિયાદીના વકીલ રણમલ કાબરીયા, એ.બી. નંદા તથા ડીજીપી જમન ભંડેરીએ કરતા અદાલતે આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે.

# જામનગરની સજુબા હાઈસ્કૂલમાં પીએચસી સેન્ટરના આરોગ્યકર્મીઓને રસીકરણ






જામનગર તા. ૧: દેશભરમાં કોરોના રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. અભિયાનના પ્રથમ તબક્કામાં ડોક્ટર્સ સહિત આરોગ્યકર્મીઓનું રસીકરણ થઈ રહ્યું છે. જામનગરના પટ્ટણીવાડના પાનવાળા પીએચસી સેન્ટરના આરોગ્યકર્મીઓને સજુબા ગર્લ્સ હાઈસ્કૂલમાં રસી આપવામાં આવી હતી. કુલ ૧૦૦ થી વધુ આરોગ્યકર્મીઓને રસી આપવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. તસ્વીરોમાં રસીકરણની પ્રક્રિયા દશ્યમાન થાય છે.

# ગાયત્રી શક્તિપીઠ દ્વારા વિનામૂલ્યે નેત્રયજ્ઞ, બી.પી., ડાયાબિટીસ, એક્યુપ્રેશર નિદાન-સારવાર કેમ્પ

જામનગર તા. ૧: જામનગરની ગાયત્રી શક્તિપીઠ તથા રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ (રાજકોટ)ના સંયુકત ઉપક્રમે તા. ૫-૩-૨૦૨૧ના સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી શિવમ પેટ્રોલપંપ પાછળ, ગાયત્રી શક્તિપીઠના ત્રિપદા ભવનમાં વિનામૂલ્યે નેત્રયજ્ઞ, બી.પી., ડાયાબિટીસ એક્યુપ્રેશરનો નિદાન-સારવાર કેમ્પ યોજવામાં આવ્યો છે. આ વિનામૂલ્યે નેત્રયજ્ઞમાં સદ્ગુરુ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના નિષ્ણાત ડોક્ટર તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે. નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરિયાતવાળા મોતિયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ આધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે તથા નેત્રમણિ પણ બેસાડી આપવામાં આવશે. દર્દીને રહેવા-જમવા, ચા-પાણી, નાસ્તો, ચશ્મા, દવા, ટીપાં ફ્રી આપવામાં આવશે. ઓપરેશન થયા પછી દર્દીને ગાયત્રી શક્તિપીઠ જામનગરના કેમ્પના સ્થળે પરત મૂકવાની વ્યવસ્થા પણ રાજકોટની હોસ્પિટલ તરફથી કરવામાં આવશે. આ દિવસે ગાયત્રી શક્તિપીઠ જામનગરમાં કાયમી ધોરણે ચાલતા એક્યુપ્રેશર વિભાગ દ્વારા એક્યુપ્રેશર કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલું છે. જેમાં શરીરના કોઈપણ અંગના દુઃખાવા માટે એક્યુપ્રેશર પદ્ધતિથી સારવાર આપવામાં આવશે તેમજ લાયન્સ ક્લબ જામનગરના સહયોગથી ડાયાબિટીસ તથા બી.પી.ની તપાસનો કેમ્પ પણ રાખેલ છે. આ કેમ્પનો લાભ લેવા ગાયત્રી શક્તિપીઠે અનુરોધ કર્યો છે.

# ખંભાળીયાઃ શારદા હાઈસ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ એલ.કે.પારેખનું નિધન

ખંભાળીયા તા. ૧: ખંભાળીયાની શારદા હાઈસ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ એલ.કે.પારેખનું નિધન થતા શોક છવાયો છે.

ખંભાળીયાની શારદા ચેરીટેબલ હાઈસ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ એલ.કે.પારેખ (સોની લલીતભાઈ ખીમજીભાઈ) (ઉ.વ. ૭૦)નું રાજકોટમાં ટૂંકી બીમારીમાં અવસાન થતા હાલારના શિક્ષણકર્મીઓમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી.

સ્વ. લલિતભાઈ પારેખ અગાઉ આંબાવાડી શાળામાં શિક્ષક હતા, ભૃગુ શાળા વિકાસ સંકુલ દ્વારકા જિલ્લાના કન્વીનર તથા સંયોજક હતા તથા અનેક શિક્ષણની તાલીમોમાં તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી. રાજકોટમાં પુત્ર સાથે રહીને નિવૃત્ત જીવન ગાળતા તથા નિયમિત જોગીંગ, સ્વીમીંગમાં જતા અત્યંત મિલનસાર સ્વભાવના લલીતભાઈ પારેખના અવસાનની ખંભાળીયામાં ભારે શોકની લાગણી છવાઈ હતી.

સ્વ.લલીતભાઈને દેવભૂમિ તથા જામનગર જિલ્લાના અગ્રણી આચાર્યો હિતેન્દ્રભાઈ આચાર્ય, જગમાલભાઈ ભેટારીયા, રાણાભાઈ ગોઝીયા, કે.ડી. ગોકાણી, સુધાકર ચન્દ્રે, નવીનભાઈ જોશી, સોનગરા બી.પી., દિનેશભાઈ જોષી, બિંદેશભાઈ ઠકરાર, પૂર્વ એજ્યુ. ઈન્સપેક્ટરો એલ.એન.વાદી, નિમાવત તથા જગદીશભાઈ ગણાત્રા (લંડન), કિરીટ ગોહેલ વગેરેએ શોકાંજલિ આપી હતી.

# જામનગરના સંગીતા સાધના મંદિરના કલાસાધકો રાજય કક્ષાએ ઝળક્યા

જામનગર તા.૧:

જામનગરના આદિત્યરામજી ઘરાનાના પ્રચારપ્રસાર અર્થે છેલ્લા બાર વર્ષથી કાર્યાન્વીત એવા આદિત્યાકલા ભારતી સંચાલિત સંગીત સાધના મંદીરના કલા સાધકોએ કલા મહાકુંભ ૨૦૨૦-૨૧ની અંતર્ગત યોજાયેલી મોબાઈલ ટુ સ્પોર્ટસ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને જિલ્લા કક્ષાની અંદર સંગીત સાધના મંદિરના દસ વિદ્યાર્થીઓ અગ્રસ્થાને આવ્યા હતા.

જેમાં શાસ્ત્રીય ગાયનમાં ૬થી ૧૪ વર્ષની વયના રિયાન રાજન પ્રથમ, આશી મહેતા દ્વિતીય, મલય રાવલે તૃતીય ક્રમાંક મેળવ્યો હતો અને ૧૫થી ૨૦ વર્ષની વયના અનન્યા રાજેશ પ્રથમ, ભવ્યા રમેશ દ્વિતીય, તરાના મહેતા તૃતીય ક્રમાંક મેળવ્યો હતો તથા ૨૧થી ૫૯ મેઘના ગાંગુલી પ્રથમ, પ્રદીપ ભટ્ટ દ્વિતીય અને તબલા વાદનમાં કબીર ભટ્ટ પ્રથમ, લોકગીત હિરણ્યાબા તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. રાજયકક્ષા માટે ટોપ ટેનમાં સિલેકટ થયેલ અને તેઓને પ્રોત્સાહન રૂપે વ્યકિત દિઠ રૂા. ૫૦૦૦નું પુરસ્કાર મળેલ છે. તે બદલ સંગીતા સાધના તમામ વિદ્યાર્થીઓને તથા કલાસાધકોને અભિનંદન પાઠવ્યા હતા તેમ આદિત્ય રામજી સંગીત સંશોધન સોસાયટીની યાદીમાં જણાવાયું છે.

# હાયરે મોંઘવારી, રાંધણગેસના બાટલામાં વધુ રૂા.૨૫નો વધારો

### ગયા મહિને ત્રણ વખત ભાવ વધારીને રૂા. ૧૦૦ના વધારા પછી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

આજે પણ રાંધણગેસના ભાવોમાં રૂા. ૨૫ નો વધારો ઝીંકી દેવાતા પ્રજા ત્રાહિમામ્ પોકારી ઊઠી છે. હજુ ગત મહિને કરાયેલી ૧૦૦ના તબક્કાવાર વધારા પછી આજે ફરી કમરતોડ વધારો ઝીંકાયો છે.

આજે ફરી એક વખત ગેસના બાટલામાં રૂા. ૨૫ નો ભાવ વધારો કરવામાં આવ્યો છે. પરિણામે જામનગરમાં ગેસના બાટલાનો ભાવ ૮૩૧.૫૦ નો થયો છે. માર્ચ માસના પ્રારંભે જ ગેસના બાટલામાં વધારાનો ઝાટકો સરકાર દ્વારા લોકોને આપવામાં આવ્યો છે. હજુ ત્રણ દિવસ પહેલા જ ભાવ વધારો કરવામાં આવ્યો હતો.

ગેસ સિલિન્ડરના ભાવની સમીક્ષા દર પંદર દિવસે કરવામાં આવે છે, પરંતુ ગત માસમાં ત્રણ વખત ભાવ વધારો કરી રૂા. ૧૦૦ નો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. આથી લોકોમાં દેકારો બોલી જવા પામ્યો હતો. હજુ તો તેની કળ વળી નથી, ત્યાં જ આજે ફરી વખત ૨૫ રૂપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે.

આમ છેલ્લા ચાર અઠવાડિયામાં ચોથી વખત વધારો કરી કુલ રૂા. ૧૨૫નો ભાવ વધારો ઠપકારી દેવાતા ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો છે. આજના ભાવ વધારા પછી જામનગરમાં બાટલાનો ભાવ રૂા. ૮૩૧.૫૦ નો થયો છે.

# સલાયાના સોડસલામાં વૃદ્ધાએ અગ્નિસ્નાન કરી લેતા ચકચાર

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

ખંભાળિયાના સલાયા નજીકના સોડસલા ગામના વાડી વિસ્તારમાં એક વૃદ્ધાએ પોતાની કૌટુંબિક પુત્રવધૂના મેણાટોણાથી કંટાળી અગ્નિસ્નાન કરી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. પોલીસે પુત્રવધૂ સામે ગુન્હો નોંધી તપાસ આરંભી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના સલાયા પાસે સોડસલા ગામના વાડી વિસ્તારમાં રહેતા જીવુબેન લાલાભાઈ ટોયટા નામના સાંઈઠ વર્ષના ભરવાડ વૃદ્ધાને તેમના જેઠના પુત્રની વહુ જમુબેન મચ્છાભાઈ ટોયટાએ ત્રાસ આપતા જીવુબેને શનિવારે મોડીરાત્રે પોતાના શરીર પર કોઈ જ્વલનશીલ પદાર્થ છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. આ બાબતની પોલીસને જાણ કરાયા પછી દેવભૂમિ દ્વારકાના મહિલા પોલીસ સ્ટેશનમાં જીવુબેનની ફરિયાદ નોંધાવા પામી છે. તેઓના જણાવ્યા મુજબ જમુબેને અવારનવાર અપમાન કરી તું સારી નથી. તેમ કહેતાં પોતાના જેઠના પુત્રની પત્ની જમુબેનના ત્રાસથી કંટાળી જીવુબેને આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. ઉપરોકત ફરિયાદ આઈપીસી ૪૯૮(એ), ૫૦૪ હેઠળ પોલીસે નોંધી તપાસ શરૂ કરી છે.

# રણુજા સીમમાં લાંબી માંદગીથી કંટાળી યુવાનનો આપઘાત

### ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસ તપાસ શરૂ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

કાલાવડ તાલુકાના રણુજા સીમમાં વાડીએ એક યુવાને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા શોકની લાગણી ફેલાઈ છે, પેટ અને માથાના દુખાવાથી કંટાળીને પગલું ભરી લીધાનું પોલીસ ચોપડે જાહેર થયું છે.

મૂળ છોટાઉદેપુરના બોડલી તાલુકાના માઠણી ગામના વતની હાલ કાલાવડના રણુજા ગામમાં રહેતા અને વાડીએ મજૂરીકામ કરતા મહેશભાઈ ભીમાભાઈ તડવી ઉંમર વર્ષ ચાલીસ નામના યુવાનને પેટ તથા માથાનો દુખાવો થતો હોય અને જીવ મૂંઝાતો હોય દરમિયાન બીમારીથી કંટાળી જઈને તા.૨૭ ના રોજ પોતાની મેળે પ્લાસ્ટિકની દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા મૃત હાલતમાં મળી આવેલ હતા. આ બનાવ અંગે મહેશ વિઠ્ઠલભાઈ દ્વારા કાલાવડ ટાઉન પોલીસમાં જાણ કરવામાં આવતા પોલીસ દ્વારા મૃતદેહનો કબજો લઈને તપાસ આગળ વધારી હતી યુવાનના મૃત્યુથી વાડી વિસ્તારમાં શોકનું

# અલીયામાંથી વરલીનો જુગાર રમતા ઝડપાયો

### ૧૫ હજારની માલમતા કબજે, એકની સંડોવણી ખુલી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

જામનગર નજીક અલીયા ગામના હબીબ નગર નદીના કાંઠે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા શખ્સને પોલીસે રોકડ સહિતનો મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો જ્યારે એક શખ્સની સંડોવણી ખુલી હતી.

જામનગર તાબેના અલીયા બાડા ગામમાં હબીબનગર ખાતે રહેતા કાસમ સતાર ગોરી નામના શખ્સને જાહેરમાં વરલી-મટકાના આંકડાનો જુગાર રમતા રોકડા ૧૦,૩૦૦, મોબાઈલ અને વરલીના સાહિત્ય મળી કુલ ૧૫.૩૦૦ ના મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો.

જ્યારે જામનગરના સંજય રામચંદ્ર જગડાલે નામના શખ્સની સંડોવણી ખુલી હતી.

# ટ્રેનમાં અપ-ડાઉન કરતા મુસાફરોના ખિસ્સા ખાલીખમ

### અમદાવાદ-વડોદરા મેમુ ટ્રેન આજથી શરૂ રિઝર્વેશનના વધુ ૧૫ રૂપિયા ચૂકવવા પડશે

(જી.એન.એસ.)વડોદરા,તા.૧

કોરોનાકાળમાં બંધ કરવામાં આવેલી ટ્રેનો ધીમે ધીમે શરૂ થઈ રહી છે. આ દરમિયાન અમદાવાદ-વડોદરા મેમુ ટ્રેન ફરી શરૂ થઈ રહી છે. મંગળવાર, ૨ માર્ચથી અમદાવાદ-વડોદરા વચ્ચે મેમુ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન સંપૂર્ણ રીતે રિઝર્વેશન ધરાવે છે.

આ માટે રેલવે દ્વારા ઓનલાઈન બુકિંગના નામે ઉઘાડી લૂંટ કરવામાં આવી રહી છે. અગાઉ જે ભાડું ૨૫ રૂપિયા હતું તેની સામે રિઝર્વેશનના ૧૫ રૂપિયા ચુકવવા પડશે. આ કારણે રોજ ટ્રેનમાં અપ-ડાઉન કરતાં મુસાફરોના ખિસ્સા પર વધારાનો ભાર આવશે. જેને લઈ મેમુ ટ્રેનમાં રોજ મુસાફરી કરતાં લોકોમાં રોષ છે. રેલવે દ્વારા તમામ ટ્રેનો રિઝર્વેશન ધરાવતી શરૂ કરવામાં આવનારી હોવાથી મુસાફરો તેમજ દરરોજ અપ-ડાઉન કરનારા લોકોને પણ દરરોજ રિઝર્વેશન કરાવવું પડશે. જેથી મુસાફરોને મુશ્કેલી ઉભી થઈ શકે છે. જેને લઈને મુસાફરોમાં વિરોધ જોવા મળી રહ્યો છે.

પેસેન્જર્સની માંગણીને ધ્યાનમાં રાખી વડોદરા ઉપરાંત મહેસાણા, આબુરોડ, હિંમતનગર જેવા સ્થળો માટે પણ ટ્રેનસેવા ફરી શરૂ કરવામાં આવશે.

# પતિ મસ્કતમાં અન્ય સ્ત્રી સાથે રંગરેલિયા માણતો ઝડપાયેલ પતિ વિરૂધ્ધ પત્નિની રાવ

### મસ્તકથી ભારત આવેલ પતિનું પત્નિએ મેમરી કાર્ડ ચેક કરતાં ભાંડો ફૂટ્યો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

શહેરના ગોમતિપુરમં રહેતી ૨૯ વર્ષની મહિલાએ ભૂલથી પતિનું મેમરી કાર્ડ પોતાના ફોનમાં નાખ્યું અને પછી અંદર રહેલા વીડિયો અને ફોટોઝ જોતા તેનાપગ નીચેથી જમીન સરકી ગઈ. મસ્કતમાં રહેતો તેનો પતિ બીજી કોઈ સ્ત્રી સાથે રંગરેલીયા મનાવતો હતો અને તેના વીડિયો અને ફોટોઝ પતિના મેમરી કાર્ડમાં હતા. જેને લઈને જ્યારે પતિ બજારમાંથી પરત આવ્યો તો મહિલાએ સવાલ કરતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલા સાથે મારામારી કરી હોવાના આરોપ સાથે પીડિત પત્નીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના ગોમતીપુર પોલિસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ તેનો પતિ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર છે અને મસ્કતમાં ઓઈલ એન્ડ ગેસ કંપનીમાં કામ કરે છે. હવે જ્યારે પતિ મસ્કતમાં રહે છે ત્યારે વર્ષમાં કેટલાક દિવસ માટે તે ભારત આવે છે અને પત્ની તેમજ પરિવાર સાથે સમય પસાર કરે છે.

વર્ષ ૨૦૧૮માં તેની સાથે લગ્ન થયા પછી મહિલા અમદાવાદમાં પોતાના પિતાનું ઘર છોડીને ગાંધીનગરમાં રહેતા પતિ અને તેના માતા-પિતા સાથે રહેવા આવી ગઈ હતી. જે બાદ તેનો પતિ ફરી મસ્કત રવાના થઈ ગયો હતો જોકે તે વારે-તહેવારે ભારત આવતો રહેતો હતો. આમ અત્યાર સુધીના ૩ વર્ષમાં તેનો પતિ ૩-૪ વખત જ ભારત આવ્યો હતો. આ દરમિયાન પત્ની પોતાનો ફોન ચાલું કરી રહી હતી ત્યારે તેની નજર પતિના મેમરી કાર્ડ પર પડી. જેથી કુતૂહલવશ તેણે પતિનું મેમરી કાર્ડ પોતાના મોબાઈલમાં ભરાવ્યું હતું. જ્યાં તેને કોઈ અન્ય સ્ત્રીના આપત્તિજનક ફોટોઝ અને વીડિયો દેખાતા તેમાંથી કેટલાક વીડિયો તેણે ચલાવ્યા હતા. જોકે આ વીડિયો ચલાવતા જ તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. કારણ કે આ વીડિયોમાં પેલી મહિલા સાથે બીજું કોઈ નહીં પણ તેનો પતિ ખુદ જ હતો. પોતાના પતિનું અફેર ચાલતું હોવાનું સામે આવતા પત્ની ગુસ્સાથી રાતીપીળી થઈ ગઈ હતી અને પતિ પરત આવે તેની રાહ જોતી હતી. જેવો પતિ આવ્યો કે તેણે પતિનો ઉધડો લીધો હતો અને અન્ય સ્ત્રી સાથેના તેના સંબંધો અંગે પૂછપરછ કરી હતી. જોકે પોતાની ચોરી પકડાઈ જતા ગુસ્સમાં પતિએ પત્ની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી તેને ધમકાવી હતી તેમજ પત્નીને છોડી દીધી હતી જેથી તે પોતાના માતા-પિતાના ઘરે ગોમતીપુર પરત આવી ગઈ હતી. જ્યાં આવ્યા બાદ તેણે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ઘરેલું હિંસાની ફરિયાદ નોંધાવી હતી.

# પ.બંગાળ આઈપીએસ ડેપ્યુટેશન: કેન્દ્રને રાહત, સુપ્રિમ કોર્ટે અરજી ફગાવી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

પશ્ચિમ બંગાળના અધિકારીઓની કેન્દ્ર સરકાર દ્વારા બદલીના વિરોધમાં થયેલ અરજી મામલે આજે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

કેન્દ્ર સરકાર અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે પાછલા દિવસોમાં આઈપીએસ અધિકારીઓની બદલીને લઈને જે વિવાદ થયો હતો તેના પર સોમવારે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી કરવામાં આવી હતી. અરજી કરનારે આ મામલે કેન્દ્ર પાસે વધારે અધિકાર હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. અરજીને અદાલતે ફગાવી દીધી છે.

નોંધનીય છે કે રાજ્યના આઈપીએસને કેન્દ્ર દ્વારા ડેપ્યુટેશન મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ હતી. કેન્દ્ર રાજ્ય સરકારની મરજી ન હોવા છતા ડેપ્યુટેશન પર બોલાવી શકે તેવો નિયમ છે ત્યારે આઈપીએસના ટ્રાન્સફરના નિયમોને લઈ સુપ્રીમ કોર્ટમાં પશ્ચિમ બંગાળના વકીલ અબુ સોહેલે અરજી કરી છે.

નોંધનીય છે કે પશ્ચિમ બંગાળના વકીલ અબુ સોહેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં IPS કેડર એક્ટ સામે સવાલો ઊભા કરવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે કેન્દ્ર પાસે રાજ્યો કરતાં વધારે શક્તિ છે. અરજી કરનારે કહ્યું કે રાજ્ય સરકારે કેન્દ્ર દ્વારા લેવાયેલા નિર્ણયનો પ્રભાવ રાજ્યો પર પડે છે એવામાં આ પ્રક્રિયા પર અદાલતે ધ્યાન આપવું જોઈએ. જોકે આ મામલે સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે દાખલ નહીં કરે અને તે બાદ અરજી ફગાવી દેવામાં આવી.

# ૧૫ દિવસથી કેન્દ્ર સરકાર મૌન, કંઈક મોટું થશે ચોક્કસ : રાકેશ ટિકૈત



(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે એવો આક્ષેપ કર્યો કે છેલ્લા કેટલાક દિવસથી કેન્દ્ર સરકારના મૌનથી એવો સંકેત મળી રહ્યો છે કે સરકાર ખેડૂત આંદોલનની સામે કંઈક રુપરેખા તૈયાર કરી રહી છે.

રાકેશ ટિકૈતે કહ્યું કે ખેડૂતો સાથે ફરી વાતચીત કરવા માટે સરકારે જ પહેલ કરવી પડશે. તેમણે કહ્યું કે ૧૫-૨૦ દિવસથી કેન્દ્ર સરકારથી ખામોશી સૂચવી રહી છે કે કંઈક મોટું થવાનું છે. સરકાર આંદોલનની સામે કંઈક રુપરેખા બનાવી રહી છે. ટિકૈતે કહ્યું કે જ્યાં સુધી ઉકેલ નહીં આવે ત્યાં સુધી ખેડૂતો પાછા જવાના નથી. ખેડૂતો તૈયાર છે તેઓ ખેતીનું પણ ધ્યાન રાખશે અને આંદોલન પણ ચાલુ રાખશે. ત્રણ કૃષઈ કાયદા અંગે ખેડૂતો દ્વારા ઠેકઠેકાણે ઊભા પ ાકને નાશ કરવાના સંબંધી સવાલ પર ટિકૈતે કહ્યું કે આવું પગલું ભરતું અટકાવવા માટે કોઈ અપીલ કેમ કરી રહ્યું નથી.

હવે ઘઉંની સિઝન આવી રહી છે. જો ખેડૂતના ઘઉં એમએસપી પર ખરીદવામાં ન આવે તો તેને માટે સરકાર જવાબદાર રહેશે અને તેને માટે ખેડૂતો જિલ્લાધિકારીર કાર્યાલયની સામે ધરણા કરશે.

# પરિણીતાના પતિને જાણ થતા સાયબર ક્રાઈમને જાણ કરી

### પરિણિતાનો નંબર સોશિયલ મિડિયામાં મૂકી રેટ લખી વાયરલ કરતાં ખળભળાટ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

સોશિયલ મીડિયાનો ઉપયોગ જેટલો સારો છે તેટલો જ ખરાબ છે. ક્યારેક સામાન્ય વ્યક્તિને રકમાંથી રાજા બનાવી દે છે તો કોઈ ને કોઈનું જીવન જીવવું મુશ્કેલ બનાવી દે છે. શહેરની પરણિતા દિલ્હીમાં રહેતા પતિને મળવા ગઈ હતી. જ્યાં સામેની બાલ્કનીમાં એક મહિલા તેના બોયફ્રેન્ડ સાથે અંતરંગ પળો માણતી હતી. જે જોઈ જતા પાડોશણ આ મહિલાનો નંબર સોશિયલ મીડિયા સાઈટ પર મૂકીને જસ્ટ રેટ જ૪૦ લખી દીધું હતું. આ આઈડી બન્યા બાદ સમગ્ર મામલો સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. સમગ્ર મામલે હાલ સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદના પશ્ચિમ વિસ્તરમાં રહેતી સીમા (નામ બદલ્યું છે.) નો પતિ નવીન (નામ બદલ્યું છે.) દિલ્હીમાં ખૂબ ઉંચી પોસ્ટ પર નોકરી કરે છે. પહેલા પતિ-પત્ની અમદાવાદ જ રહેતા હતા. પણ સારા ભવિષ્ય માટે નવીન દિલ્હી જતો રહ્યો હતો. નવીન અને સીમા રોજ ફોન પર વાતો કરતા હતા. આ દરમિયાન સીમાએ નવીનને મળવા માટે દિલ્હી જવાનું નક્કી કર્યું હતું.

દિલ્હીની પોશ કોલોનીમાં નવીન અને સીમા થોડા દિવસ સાથે રહ્યા હતા. નવીન પોતાના કામથી ઓફિસ જય ત્યારે સીમા ઘરનું કામ કરતી હતી. એક દિવસ તે બાલ્કનીમાં કપડાં સુકવતી હતી. ત્યારે તેની સામેની બલકનીમાં એક મહિલા કઈ કરી રહી હતી. સીમાએ તે તરફ નઝર નાખી તો સાક્ષી (નામ બદલ્યું છે ) નામની મહિલા એક પુરુષ સાથે બાલ્કનીમાં અંતરંગ પળો માણી રહી હતી. એટલામાં સાક્ષીની નઝર સીમા તરફ પડી તો સીમાને જોઈને સાક્ષી તેના બોયફ્રેન્ડ સાથે વધુ નજીક આવવા લાગી અને અશ્લિલ હરકતો વધારવા લાગી હતી. આ જોઈને સીમા સુકવેલા કપડાં લઈને પરત ઘરમાં જતી રહી હતી. આ પ્રકારે રોજ ચાલતા હવે સીમાએ આ વાત તેના પતિ નવીનને કહી હતી. સીમા થોડા દિવસ પછી અમદાવાદ પરત આવી ગઈ હતી. સાંજે તે ઘરમાં કામ કરી રહી હતી ત્યારે નવીનનો તેના પર ફોન આવ્યો અને કહ્યું કે, તારો મોબાઈલ નંબર અને રેટ જ૪૦ લખેલું લખાણ કોઈએ સોશિયલ મીડિયામાં ફરતું કરી દીધું છે. જેથી સીમાંએ આ અંગેની જાણ સાઈબર ક્રાઈમ વિભાગને કરી છે.

# સુરતના પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયા કોંગ્રેસમાંથી રાજીનામું આપી, આપમાં જોડાયા

(જી.એન.એસ.)સુરત,તા.૧



સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસ વેર વિખેર થતી નજરે પડી રહી છે. સુરત કોંગ્રેસના માજી કોર્પોરેટર અને પ્રદેશ મંત્રી દિનેશ કાછડીયા એ તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. કાછડીયા એ રાજીનામુ આપતા તેઓ સન્યાસ લેશે કે અન્ય કોઈ પાર્ટીમાં જોડાશે તે અંગે અનેક અટકળો થઈ રહી છે.

સુરત મહાનગરપાલિકા ચૂંટણીમાં ૧૨૦ માંથી કોંગ્રેસની એક પણ બેઠક આવી નથી. કોંગ્રેસના આ નાલેશી ભર્યા પ્રદર્શન બાદ પાસ અને કોંગ્રેસ વચ્ચેની ખાઈ વધુ મોટી થઈ રહી છે. કોંગ્રેસ પક્ષે પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારા ૨૦ જેટલા કાર્યકર નેતાઓને સસ્પેન્ડ કરી દીધા છે. ત્યાર પછી આજે કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના માજી કોર્પોરેટર દિનેશ કાછડીયા એ આજે કોંગ્રેસના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. કાછડીયા કોર્પોરેટર હોવા ઉપરાંત પ્રદેશના મંત્રી પણ છે. ચૂંટણી પરિણામ બાદ અચાનક કાછડીયા એ રાજીનામું આપતા અનેક તર્ક-વિતર્ક શરૂ થઈ ગયા છે. દિનેશ કાછડીયા રાજકીય સંન્યાસ લેશે કે અન્ય કોઈ પક્ષમાં જોડાશે તે અંગે અનેક અટકળો ચાલી રહી છે.

આ ઉપરાંત અનેક મોટા નેતાઓ પણ રાજીનામું આપશે. મહાનગરપાલિકાની ચૂંટણી માટે ટિકિટોની વહેંચણીમાં કોંગ્રેસના નેતાઓએ કરેલી ભાગબતાઈને કારણે કોંગ્રેસ અને પાંસ વચ્ચે ઘર્ષણ થયું હતું. કોંગ્રેસે પાસના કાર્યકરોની ટીકીટ કાપતા પાટીદારોએ કોંગ્રેસનો સાથ છોડ્યો હતો અને આમ આદમી પાર્ટીને સાથ આપ્યો હતો. જેના કારણે ૨૦૧૫માં કોંગ્રેસનો ગઢ બનેલી પાટીદાર બહુમતીવાળા વિસ્તાર માં કોંગ્રેસની એક પણ બેઠક આવી ન હતી.

# ભગવાન, ધરિતપુત્રો અને દેશની સરકારને રસ્તો દેખાડે : ડેરાપ્રમુખ

(જી.એન.એસ.)સિરસા,તા.૧

ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમે ફરી એક વખત જેલમાંથી ચિઠ્ઠી લખી છે. આ ચિઠ્ઠીમાં તેમણે લખ્યું છે કે, દેશના અન્નદાતા અને દેશના રાજા વચ્ચે જે વિવાદ ચાલી રહ્યો છે, પ્રભુ તમને બંનેને રસ્તો દેખાડે. જેથી દેશ કોરોના જેવી મહામારી સામે લડી રહ્યો છે તે સફળતાના રસ્તે એકજૂથ થઈને આગળ વધે.

રામ રહીમે આ ચિઠ્ઠી ૨૩ ફેબ્રુઆરીના રોજ જેલમાંથી લખી હતી અને હાલ સોશિયલ મીડિયામાં તે ખૂબ જ વાયરલ થઈ રહી છે. ડેરા પ્રમુખ દ્વારા મોકલવામાં આવેલી ચિઠ્ઠી પર ૨૬ ફેબ્રુઆરીનો જેલ પ્રશાસનનો સિક્કો લાગેલો છે. ચિઠ્ઠીમાં ડેરા પ્રમુખે પોતાની માતાને સમય પર દવાઓ લેતા રહેવાની સલાહ પણ આપી છે. સાથે જ પોતે જલદી જ આવીને તેમની સંપૂર્ણ સારવાર કરાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વધુમાં તેમણે સતગુરૂ રામ જે પણ કરતા હતા તે ૧૦૦ ટકા સાચું કરતા હતા અને ૧૦૦ ટકા સાચું જ કરશે તેમ પણ લખ્યું છે. રામ રહીમે ડેરાના અનુયાયીઓને ઘરમાંથી બહાર નીકળતી વખતે માસ્ક પહેરી રાખવાની સલાહ આપી છે. સાથે જ દેશની સુખ શાંતિ માટે એક દિવસનું વ્રત રાખવા અને જરૂરિયાતવાળા લોકોને એક દિવસનું રાશન આપવા લખ્યું છે. રવિવારે ડેરા સચ્ચા સૌદાના બીજા ગુરૂ શાહ સતનામ સિંહના ગુરૂગાદી પર બેસવાના ૬૧મા દિવસને મહારહમોકર્મ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે મોટી સંખ્યામાં અનુયાયીઓ હાજર રહ્યા હતા. સત્સંગ પંડાલમાં મોટી સ્ક્રીનના માધ્યમથી ડેરા પ્રમુખનો રેકોર્ડેડ સત્સંગ સંભળાવવામાં આવ્યો હતો. ઉપરાંત રામ રહીમ દ્વારા મોકલવામાં આવેલી ચિઠ્ઠી પણ વાંચવામાં આવી હતી. રવિવારના સત્સંગ બાદ આ ચિઠ્ઠી સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ

# ગાંધીનગરમાં જમીન ફાળવણી મુદ્દે અમલદારોની સંડોવણી

### સરકારી જમીનની ફાળવણીનાં નામે બિલ્ડર સાથે કરોડોની ઠગાઈ કરનાર ૧ ઝડપાયો

(જી.એન.એસ.)સુરત,તા.૧

કતારગામના બિલ્ડરને નવસારીના સિસોદ્રા ગામમાં સરકારી જમીનની ફાળવી આપવાની વાત કરી નાયબ કલેક્ટર અને રેવન્યુ વિભાગના સેક્સન અધિકારી તરીકેની ઓળખ આપનાર એક મહિલા સહિત બે જણા વિરૂધ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાઈ છે. બિલ્ડરને ગાંધીનગરમાં પણ કેટલાક લોકો સાથે મુલાકાત કરાવી રૂ.૧ કરોડ લઈ લીધા હતા. બનાવ સંદર્ભે બિલ્ડરે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટનામાં સંડોવાયેલા આરોપી રામદેવસિંહની ધરપકડ કરી છે.

કતારગામ સિંગણપોરા રોડ અશોકનગર સોસાયટીમાં રહેતા ગુણવંત વલ્લભ આંબલીયા જમીન લે-વેચ તેમજ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગુણવંત આંબલીયાની સને ૨૦૧૬માં તેના વકિલ મિત્ર નિલેષની ઓફિસમાં રામદેવસિંહ લક્ષ્મણ ઉમટ સાથે મુલાકાત થઈ હતી. રામદેવસિંહે તેની ઓળખ ગાંધીનગરમાં રેવન્ય વિભાગમાં સેક્સન અધિકારી તરીકે આપી પોતાનું આઈકાર્ડ બતાવ્યું હતું. તેમજ જમીનને લગતા સરકારી કામ કરું છું જો કોઈ કામ હોય તો મને જણાવજો એમ કહ્યું હતું. દરમિયાન પાંચેક દિવસ બાદ ફરીથી રામદેવસિંહ ઓફિસમાં મળ્યા હતા અને નવસારી જીલ્લાના સીસોદ્રા (ગણેશ) ગામની તળાવની સરકારી જમીન ફાળવણી કરાવી આપવાની વાત બિડર ગુણવંત આંબલીયાને કરી હતી. ગુણવંત આંબલીયાએ જમીન ખરીદવા તૈયારી પણ બતાવી હતી.

રામદેવસિહે જમીન ફાળવણી કરી આપવા માટે રૂ. ૩ કરોડનો ખર્ચ થશે અને ૧ કરોડ જમીનની ફાળવણી અંગેની માંગણી કરતી અરજી કરવાની સાથે ચુકવાના રહેશે. એવું જણાવી જમીન ફાળવણીની પ્રક્રિયા એક વર્ષમાં પુરી કરી આપવાની વાત કરી હતી. ત્યારબાદ બિલ્ડર ગુણવંત આંબલીયાની રામદેવસિહ અડાજણ સ્ટાર બજાર પાસે નેહા પટેલ નામની મહિલા સાથે – મુલાકાત કરાવી હતી. નેહાએ તેની ઓળખ ડેપ્યુટી કલેક્ટર અને હાલમાં ફરજ મોકુફ હોવાનું જણાવી આઈકાર્ડ બતાવી હું એક અધિકારી છુ તમે ચિંતા કરતા નહીં તમારુ ક્યારેય ખોટું નહી થવા દઉ, હું સચિવો સાથે મળી કામ કરુ છું અને હું તમારુ એક કામ કરાવું પછી આપણે બીજા કામ કરીશુ અને હું ગાંધીનગર ખાતેના કમલેશ પરમાર સાહેબ, શિક્ષણ વિભાગ સોની સાહેબ, ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતીના માજી ચેરમેન તથા પંડ્યા સાહેબ અને મહેસુલ વિભાગના સચિવો સાથે મળી કામ કરુ છુ. તમે વિશ્વાસ રાખજો તેમ કહી ભરોસો કેળવી લીધો હતો.

બિલ્ડરને વિશ્વાસમાં લઈ ટુકડે ટુકડે કરી એક કરોડ મેળવી લીધા હતા. ૨૦૧૭ સુધીમાં કામ – પુર્ણ કરી દેવાનું હતું. જોકે દિવાળી વેકેશન પછી જમીનની જંત્રીનો ઓર્ડર નહીં મળતા ગુણવત આંબલીયાને ગાંધીનગર બોલાવ્યા હતા. જ્યાં સચિવાલયમાં શિક્ષણ વિભાગની ઓફીસમાં કમલેશ પરમાર સાથે મિટીંગ કરી હતી.

# અમદાવાદમાં ફરજીયાત માસ્કના અમલ માટે પોલીસ આક્રમક

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

ગુજરાતમાં છ મનપાની ચૂંટણીમાં પોલીસે તમામ નીતિ નિયમો નેવે મૂકીને રાજનેતાઓનો ખુલ્લી છૂટ આપી હતી. નેતાઓ મનચાહે તેમ રેલીઓ કરતાં અને ભીડ ભેગી કરતાં. એક પણ નેતાએ સોશિયલ ડિસ્ટન્સ કે માસ્કના નિયમનું પાલન કર્યુ ન હતું. તેમ છતાં પોલીસ દ્વારા ચૂંટણી સમયે કોઈપણ નેતા સામે પગલાં લેવામાં આવ્યા ન હતા. અને ચૂંટણી ટાણે પોલીસે નાગરિકોને પણ હેરાન કર્યા ન હતા. પણ હવે જેવી ચૂંટણી પતી અને લોકોનાં વોટ લઈ લીધા પછી પોલીસે લોકો પર નિયમોને લઈ તવાઈ બોલાવી છે. અને હવે પોલીસ અને પ્રજા વચ્ચે ઘર્ષણના બનાવ બની રહ્યા છે. અમદાવાદમાં માસ્ક મુદ્દે પોલીસે માર માર્યો હોવાનો આરોપ એક યુવકે લગાવ્યો છે. જે બાદ ભારે હોબાળો મચી જવા પામ્યો છે.

અમદાવાદમાં એરપોર્ટ પર માસ્ક મુદ્દે પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણનો કિસ્સો સામે આવ્યો છે. માસ્ક બાબતે એરપોર્ટ પાસે ઉભેલી પીસીઆર વાને એક યુવાનને અટકાવ્યો હતો. અને તેઓની વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ પોલીસે માર માર્યો હોવાનો યુવકે આરોપ લગાવ્યો હતો. યુવકને માર મારતાં મોટી સંખ્યામાં લોકો એકઠાં થઈ ગયા હતા. અને લોકોએ પીસીઆર વાનનો ઘેરાવ કર્યો હતો. અને લોકોએ પોલીસકર્મીઓની સામે કાર્યવાહીની માગ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, પોલીસનું આ વલણ પ્રજાને સહેજ પણ પસંદ આવી રહ્યું નથી. ચૂંટણી સમયે નેતાઓ સામે ઘૂંટણિયે પડી જનાર પોલીસ પ્રજા સામે શૂરી બની રહી છે. અમદાવાદ કોર્પોરેશનની ચૂંટણીમાં પોલીસે ઉપરથી સૂચના મળ્યા બાદ એક પણ નાગરિકનો માસ્ક બાબતે મેમો ફાડ્યો ન હતો. પણ ચૂંટણી પત્યા બાદ જ પોલીસની કામગીરીએ અનેક લોકોનાં મનમાં સવાલ ઉભા કરી દીધા છે. અને પોલીસની છાપ પર ખરાબ અસર પડી છે. શું ગુજરાતમાં પોલીસ રાજકીય ઈશારાઓ પર જ કામ કરતી રહેશે?

# તામલનાડુમાં વિધાનસભાની ચૂંટણી પહેલા૩૧ માર્ચ સુધી લોકડાઉન લંબાયુ

### કોરોના કેસોમાં વધારો થતા તમિલનાડુમાં લોકડાઉન ૩૧ માર્ચ સુધી લંબાવાયું

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૧

કોરોના વાયરસના ચેપના કેસોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને તામિલનાડુમાં લોકડાઉનનો સમયગાળો ૩૧ માર્ચ સુધી વધારવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ આદેશની સાથે કોરોના માર્ગદર્શિકાનું પાલન કરાવાની જવાબદારી જિલ્લા વહીવટીતંત્રને સોંપી છે. આવતા મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીની વચ્ચે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે લોકોને જરૂરી તમામ સાવચેતી રાખવાની સૂચના જારી કરી છે. તામિલનાડુમાં કોવિડના કેસોમાં અચાનક વધારો થયો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોવિડ -૧૯ના ૫૨૧ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે ૫ લોકોનાં મોત પણ થયાં છે. સોમવારથી દેશમાં કોરોના રસીકરણના બીજા તબક્કાની શરૂઆત સાથે ઘણા રાજ્યોમાં વધતા જતા કેસો ચિંતાનું કારણ બની રહ્યા છે. તામિલનાડુ ઉપરાંત મહારાષ્ટ્રમાં પણ સતત વધી રહેલા દર્દીઓને કારણે ભય વધ્યો છે. ઘણા વિસ્તારોમાં કર્ફ્યુનો સમયગાળો વધારવામાં આવ્યો છે. તામિલનાડુમાં અગાઉનો લોકડાઉન સમયગાળો ૨૮ ફેબ્રુઆરી સુધીનો હતો. નવા આદેશમાં કોઈ કડક નિયમ બનાવવામાં આવ્યો નથી, પરંતુ કેન્દ્ર સરકારની એડવાઈઝરીનું પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. જરૂર પડે તો કલમ ૧૪૪ લાદવાની સૂચના પણ આપવામાં આવી છે.

# મુંબઈ થાણે નવીમુંબઈમાં રિક્ષા ટેક્સીના ભાડામાં ત્રણ રૂપિયાનો વધારો

### રાત્રે બાર પછી રિક્ષાનું ૨૭ અને ટેક્ષીનું મીનીમમ ભાડું ૩૨



ચક્રવાત ટીમ મુંબઈ તા ૧

મોંઘવારી અને કોરોના બીમારીથી પીસાઈ રહેલા મુંબઈ થાને અને નવિમુંબઈના રહેવાસીઓ પર રિક્ષા અને ટેક્ષીના ત્રણ રૂપિયાના ભાડામાં ભાવવધારો ઝીંકાયો હતો. રિક્ષાનું મીનીમમ ભાડું ૧૮ થી વધી ૨૧ જ્યારે ટેક્ષિનું મીનીમમ ભાડું ૨૨ થી વધી ૨૫ થયું છે. રાતના ૧૨ પછી રિક્ષાનું લઘુતમ ભાડું ૨૭ જ્યારે ટેક્ષીનુ ૩૨ રૂપિયા થશે.

પ્રવાસી સંગઠન દ્વારા આ ભાડાના ભાવવધારો છ મહિના મુલતવી રાખવા અથવા ઓછો કરવા વિનંતી કરાઈ હતી જેને ફગાવી દેવાઈ હતી.

એકબાજુ પેટ્રોલ ડીઝલ અને રાંધણગેસના ભાવમાં ભડકો થયો છે ત્યારે આ ભાવવધારો સામાન્ય નાગરિકની કમ્મર તોડી નાખશે. ટેકશી અને રિક્ષાના ભાડામાં વધારો કરવાની માગણી ઘણા સમયથી પડતર હતી તેમ જ ઈંધણના ભાવ આસમાને પહોંચતા આખરે તેમની માગણી સ્વીકારાઈ હતી.

આ માટે ૩૧ મે સુધીનું ટેરિફ કાર્ડ બહાર પાડવામાં આવ્યું છે ત્યાં સુધી દરેક મીટર બદલાવી નાખવા પડશે.રિક્ષા ટેક્ષી ઉપરાંત કુલ કેબના ભાડામાં પણ વધારો કરાયો છે. કૂલ કેબનું ભાડું ૨૮થી વધી ૩૩ તેમ જ મધરાત બાદ સવારના પાંચ વાગ્યા સુધી ૩૭ રહેશે. તમામ વાહનચાલકોએ મીટર બદલવા રૂપિયા ૭૦૦ ચૂકવવા પડશે.

## સાઇકલ પર સવાર રાજકારણીઓ




મહારાષ્ટ્ર સહિત દેશભરમાં પેટ્રોલ ડીઝલ અને રાંધણગેસના ભાવમાં થઈ રહેલા ધરખમ ભાવવધારાનો વિરોધ કરવા કોંગ્રેસના નેતાઓએ મંત્રાલયમાં આવેલી ગંધિપ્રતિમાંથી વિધનભવન સુધી સાઈકલ પર સવાર થઈ વડાપ્રધાન મોદીએ ભાવ ઘટાડવા આહવાન કર્યું હતું.આજથી મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટસત્ર શરૂ થયું છે.

# સેલ્ફી લેતી વખતે બોટ પલટી : ઉજની જળાશયમાં ડૂબી જતા પિતા- પુત્રનું મોત, ચારને બચાવાયા



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

કરમાલા તાલુકાના કેમ ખાતે લગ્ન પ્રસંગ માટે આવેલા અકલુજના શેંડગે પરિવારને ઉજની જળાશયમાં બોટની સવારી લેવાની મજા લેવા જત તે ઘાતક સાબિત થઈ છે.સેલ્ફી કાઢવા જતા બોટ પલટી જતા શેંડગે પરિવારના પિતા-પુત્રનું ડૂબી જવાથી મોત થયુ છે.કરમાલા તાલુકાના વાંગી ૩ વિસ્તારમાં આવેલા ઉજની જળાશયમાં આ અકસ્માત સર્જાયો હતો. જળાશયમાં રહેલા અન્ય માછીમારોએ તાત્કાલિક પાણીમાં કુદીને ચારેયના જીવ બચાવી લીધા હતા.

અકલુજનો શેંડગે પરિવાર એક બોટમાં ઉજાની જળાશયમાં બોટીંગ કરી રહ્યો હતો. આ વખતે બોટ ઉંડા પાણીમાં હતી ત્યારે સેલ્ફી લેવાની લાલચમાં તેમનો જીવ ગયો હતો. ૩૯ વર્ષનો વિકાસ શેંડગે અને તેનો ૧૩ વર્ષનો પુત્ર જય ફોટો લેતી વખતે બોટ પલટી જતા તેઓ ડૂબી ગયા હતા.. પરંતુ તે જ સમયે, અન્ય માછીમારોએ પરિવારને બચાવવા પાણીમાં કૂદીને વિકાસની પત્ની સ્વાતિ, નવ વર્ષની પુત્રી અંજલિ, વિકાસના મિત્ર જયવંત સાતવ અને સાતવના પુત્રને બચાવ્યો. બે વર્ષ પહેલાં, અકલુજના કેટલાક ડોકટરોએ તેમની બોટમા પ્રવાશ કરતી વખતે ઉજની જળાશયમાં આવી જ રીતે ડૂબ્યા પછી તેનું મોત નીપજ્યું હતું. હાલમાં ઉજાની જળાશયમાં ઘણું પાણી છે અને પાણીનું સ્તર પણ ખૂબ જ ઉંડું છે તેથી પાણીની ઉંડાઈનો ખ્યાલ ન રહેતા. સેલ્ફી લેવાની લાલચે શેડગે પરિવારને જીવ ગુમાવવો પડ્યો હતો. અને પિતા-પુત્રએ જીવ ગુમાવ્યો હતો. બચાવેલ શેંડગેની પત્ની અને પુત્રીને સારવાર માટે કરમલાની સબ-જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# ડોમ્બિવલીદુકાનમાંરેશનિંગ દુકાનદારની પત્નીની હત્યા

### હત્યાના કેસમા શંકાસ્પદ કર્મચારીને પોલિસે તાબામા લીધો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

ડોંમ્બિવલીમાં રેશનની દુકાનમાં એક મહિલાની હત્યા કરવામાં આવી તે આઘાતજનક રીત પ્રકાશમાં આવી છે. આરોપ છે કે મહિલાની હત્યા એક દુકાનના કામદાર દ્વારા કરવામાં આવી હતી. મૃતક મહિલા દુકાનદારની પત્ની હતી. હત્યાનું સાચું કારણ હજી સ્પષ્ટ નથી.

ચોંકાવનારી ઘટના ડોમ્બિવલીના લોધા હેવન વિસ્તારમાં બની છે. દુકાનની અંદર રેશનિંગ દુકાનદારની પત્નીની દુકાનની અંદર હત્યા કરવામા આવી છે.મૃતક મહિલાનું નામ શ્વેતા રાજેશ ગુપ્તા છે. પ્રાથમિક માહિતી મળી છે કે શ્વેતા ગુપ્તાની હત્યા એક દુકાનના કર્મચારી દ્વારા કરવામાં આવી હોવાની શંકા છે. માનપાડા પોલીસે શંકાસ્પદ્દને તાબામા લીધો છે.શંકાસ્પદની ઓળખ ગુડુ કુમાર સિંહ તરીકે થાય છે. હત્યાનો હેતુ હજી સ્પષ્ટ નથી.

# વિધાનસભાના બજેટ સત્ર પહેલા સંકળાયેલા ૨૫ જણ કોરોનાથી સંક્રમિત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. આ અધિવેશનમાં મુશ્કેલીઓનો પહાડનો મહાવીકાસ આઘાડી સરકારને સામનો કરવો પડશે. આ ઉપરાંત, કોરોનાથી હવે વિધાનભવનમાં પ્રવેશતા લોકો પણ સંક્રમિત થયા હોવાનો. ખુલાસો થયો છે વિધાનસભાનુ બજેટ સેશન શરૂ થાય તે પહેલાં ૨૫ લોકોને કોરોનાથી સંક્રમિત થયા છે..




અધિવેશનના બે દિવસ પહેલા વિધાનસભામાં કોરોના ટેસ્ટ લેવામાં આવ્યા હતા. કુલ ૩૨૦૦ લોકોએ કોરોના પરીક્ષણો કરાવ્યા. તેમાંથી ૨૫ કોરોના પોઝિટીવ છે. પોલીસ અને મીડિયાના પ્રતિનિધિઓ હોવાનું જાણવા મળે છે. મોટાભાગના ધારાસભ્યોએ ખાનગી કોરોના લેબ્સમાં પરીક્ષણો કર્યા છે. વિરોધી પક્ષોએ જણાવ્યું છે કે તેઓ પેટા ચૂંટણીમાં ભાગ લેશે નહીં. વિપક્ષી જૂથોએ આ બજેટ સત્રમાં મહાવીકાસ આઘાડી સરકારનો બહિષ્કાર કરવાની હાકલ કરી હતી. ગઈકાલે મંત્રી પદ પરથી રાજીનામું આપનારા શિવસેનાના સંજય રાઠોડ, મંત્રી ધનંજય મુંડે વિરુદ્ધના આક્ષેપો, વીજ બિલ, કોરોના દર્દીઓની વધતી સંખ્યા, વિપક્ષ સરકારને અનેક મુદ્દાઓ પર મુશ્કેલીમાં મુકી શકે છે. વિરોધી પક્ષોએ જણાવ્યું છે કે તેઓ પેટા ચૂંટણીમાં ભાગ લેશે નહીં. આ વખતેવિધાનસભાનું બજેટ સેશન દસ દિવસ ચાલવાનું છે. બજેટ સત્ર ૧ થી ૧૦ માર્ચ સુધી ચાલશે. રાજ્યનું બજેટ ૮ માર્ચે રજૂ કરવામાં આવશે અને ૯ અને ૧૦ માર્ચે બજેટ પર ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ સંમેલન સમાપ્ત થશે. આ વર્ષનું અધિવેશન ઠરાવ જેટલું બિનસત્તાવાર રહેશે નહીં. ૨૦૨૦ ના બજેટ સત્ર દરમિયાન મહારાષ્ટ્રમાં પ્રથમવાર કોરોના દર્દીઓ મળી આવ્યા હતા. તેથી બજેટ રજૂ થયા બાદ સંમેલન મુલતવી રાખવામાં આવ્યું હતું. એક વર્ષ પછી, કોરોના કટોકટીએ ફરીથી સંમેલનનો સમયગાળો ઘટાડ્યો.

દરમિયાન, નાના પટોલેના રાજીનામા બાદ, આ સત્રમાં વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી નહીં લેવાય તેવું નક્કી થઈ ગયું છે. વિધાનસભાની અધ્યક્ષતા ઉપરાષ્ટ્રપતિ નરહરિ જિર્વાલ કરશે. ઘણા મંત્રીઓ અને ધારાસભ્યો કોરોનાથી સંક્રમિત હોવાથી તેઓ અધિવેશનમાં ભાગ લઈ શકશે નહિ. તેથી, જો અધ્યક્ષની ચૂંટણી યોજાય તો તેઓ મત આપી શકશે નહીં. જેને કારણે વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી આ સત્રમાં લીધા વિના આગામી સત્રમાં લેવામાં આવશે.

# મુંબઈ પોલીસનું 'ઓપરેશન ઓલ આઉટ' : ૨૧૭ સ્થળોએ કોમ્બીંગ ઓપરેશન, ૩૮ ફરાર આરોપીની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

શનિવારે રાત્રે મુંબઈ પોલીસે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે 'ઓપરેશન ઓલ આઉટ' શરૂ કર્યું હતું. આ કાર્યવાહી અંતર્ગત શહેરમાં ૨૧૭ સ્થળોએ કોમ્બીંગ કરીને ૩૮ ફરાર આરોપીઓને પકડવામાં આવ્યા હતા.

નાર્કોટિક્સ એક્ટ હેઠળ, ૮૭ લોકો પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યારે ૩૨ લોકોને ગેરકાયદેસર શસ્ત્રો રાખવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તે જ સમયે શહેરમાં ૧૪૩ સ્થળોને અવરોધિત કર્યા હતા અને ૧૦,૭૯૫ વાહનોનું નિરીક્ષણ કર્યું હતું. તેમાંથી ૨૨૬૮ વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તેથી જેઓ દારૂનું સેવન કરીને નશામા વાહન ચલાવતા હતા. શહેરના મુખ્ય માર્ગો પર નાકાબંધી, પેટ્રોલિંગ, હોટલો ઉપર દરોડા, પાડોશમાં દરોડા, પોલીસે રેકોર્ડ ઉપરના ગુનેગારોને પર ધાક બેસાડી હતી. આ કામગીરીમાં પાંચ પ્રાદેશિક વિભાગોના વધારાના કમિશનરો, ૧૩ વિસ્તારના ડેપ્યુટી કમિશનરો, વિભાગીય મદદનીશ કમિશનરો, વરિષ્ઠ પોલીસ નિરીક્ષકો અને તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામેલ હતા. પોલીસે શનિવારે રાત્રે ૧૧ વાગ્યાથી રવિવારે મધરાતના બે વાગ્યા સુધી કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન પોલીસે ૫૧૨ સંવેદનશીલ અને સંવેદનશીલ સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી નિવારક પગલાં લીધાં હતાં. પોલીસે જણાવ્યું હતું કે મુંબઈની દરિયાઈ સરહદ સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેન્ડિંગ પોઈન્ટ પર સુરક્ષા એલર્ટ કરવામાં આવી છે. કાર્યવાહી દરમિયાન પોલીસે રેકોર્ડ પરના ૧૪૫૭ આરોપીઓની તપાસ કરી હતી. તેમાં ૪૬૫ આરોપીઓ મળી આવ્યા. બિનજામીનપાત્ર વોરંટ પર ૧૭૫ લોકોની અટક કરવામાં આવી હતી. ગેરકાયદેસર કબજો કરનારાઓ પર તોડફોડના ભાગરૂપે, ૯૫૧ હોટલ, રહેણાંક હોટલ અને અન્ય મથકોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. શહેરમાં ૫૪ ગેરકાયદેસર દારૂ અને જુગારની જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

# જાવેદ અખ્તર કેસમા કોર્ટે કંગનાને જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કર્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૧

દિગ્ગજ ગીતકાર જાવેદ અખ્તર દ્વારા દાખલ કરેલા માનહાનિના દાવોમાં અંધેરી કોર્ટે અભિનેત્રી કંગના રનૌત સામે જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કર્યું છે. તે સમન્સમાં હાજર ન રહી શકતા અંધેરી મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે આગળનું પગલું લીધું હતું. તેનાથી કંગનાની મુશ્કેલીમાં વધારો થવાની સંભાવના છે.

અંધેરી કોર્ટે કંગના નૌંત સામે વોરંટ ઈસ્યુ કર્યા પછી, કોર્ટમાં હાજર રહેલા કંગનાના વકીલે કહ્યું કે તેઓ વોરંટને સર્વોચ્ચ અદાલતમાં પડકારશે અને આગામી સુનાવણી ૨૬ માર્ચે છે. ગીતકાર જાવેદ અખ્તર દ્વારા દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના દાવોમાં મેજિસ્ટ્રેટ કોર્ટે બોલીવુડ અભિનેત્રી કંગના રનૌને નોટિસ ફટકારી હતી. રિપબ્લિક ટીવીના સંપાદક અર્ણવ ગોસ્વામી સાથેની મુલાકાતમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે જાવેદ અખ્તરની બદનામી કરવામાં આવી છે. મેજિસ્ટ્રેટ આર. આર. ખાને જુહુ પોલીસને આ મામલાની તપાસ કરીને રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. તે મુજબ સોમવારે પોલીસે કોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો હતો. જાવેદના વકીલ કુમાર ભારદ્વાજે કોર્ટને કહ્યું હતું કે કંગના પરના આરોપો તથ્યલક્ષી હોવાથી વધુ તપાસની જરૂર છે. અખ્તરના કહેવા પ્રમાણે કંગનાએ અર્ણબને આપેલ ઈન્ટવ્યુ (મુલાકાત) મા જાવેદ અખ્તર બોલિવૂડમાં 'સુસાઈડ ગેંગ'માં સામેલ થયો હતો. ભલે તેઓ કંઈ પણ કરે તો પણ, તેઓ મુક્ત થઈ શકે છે. તેણે આરોપ લગાવ્યો છે કે તેના આક્ષેપોથી જાવેદની છબીને નુકશાન થયુ હોવાનો આરોપ કરેલ છે. થઈ છે. ભારદ્વાજે દલીલ કરી હતી કે ક્લિપ યુટ્યુબ પર ફેલાઈ છે. પોલીસ દ્વારા કંગનાને વારંવાર પૂછપરછ માટે બોલાવવામાં આવી હતી. પરંતુ, તેણીનો જવાબ નથી, ભારદ્વાજે મેજિસ્ટ્રેટને જાણ કરી હતી. તેમની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે કંગનાને નોટિસ ફટકારી હતી. કંગનાને આ પહેલા ૧ માર્ચ સુધી કોર્ટમાં હાજર રહેવા કોર્ટે નિર્દેશ આપ્યો હતો.

# અંધેરીના વેપારી પાસેથી હાઈવે પર નકલી પોલિસે ૨૫ લાખ લૂંટ્યા

### સેનિટાઈઝર, હેન્ડ ગ્લોબ્ઝ, માસ્ક ખરીદવા વસઈ જતા લૂંટ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

મુંબઈના અંધેરી વિસ્તારમા રહેતા વેપારીને મુંબઈ-અમદાવાદ હાયવે પર નકલી પોલિસે ધાક ધમકી આપી ૨૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવતા વાલિવ પોલિસે ગુનો દાખલ કરી આરોપીઓની શોધ ચાલુ કરી છે.

મુંબઈના અંધેરી વિસ્તારમા સહારા રોડ પર હયાત રિજન્સીમા રહેતા અરિહંત અમિત પાબુલાલ (૨૭)ને કોવિડની મહામારી દરમિયાન હેન્ડ ગ્લોબ્ઝ, સેનિટાયઝર, તેમજ માસ્ક ખરીદવા હોવાથી તેણે મનોહરલા અટેલનો સંપ્પર્ક સાધ્યો હતો.પટેલે માલ માટે રોકડા પૈસા લઈ વસઈ બોલાવતા તેઓ કારમા શુકવારે સાંજે ગયા હતા.ત્યારે મુંબઈ-અમદાવાદ હાયવે પર અચાનક પાછળથી એક કાર આવી જેમાથી બે પોલિસનો યુનિફોર્મ પહેરેલ લાકડી સાથે તેમજ બે અન્ય અન્ય ડ્રેસ પહેરેલ તેની કાર આગળ આવીને ઉભા રહ્યા હતા.તેઓએ પાબુલાલને લાકડી તેમજ દાંડા વડે માર મારી તેઓની કારમા બેસાડ્યા હતા.ત્યાર બાદ ૨૫ લાખ રૂપિયા ભરેલ રોકડ રકમની બેગ જબરદસ્તીથી લઈને અધ્ધવચ્ચે રસ્તામા ઉતારી તેઓ મુંબઈ દિશા તરફ ભાગી ગયા હતા. લૂંટનો ભોગ બનેલ પાબુલાલે વાલિવ પોલિસમા ફરિયાદ કરી હતી.

# યસવંતપુર-અમદાવાદ ચાલતી ટ્રેનમાંથી સોલાપુર પાસે ૫૦ તોલાથી વધુ સોનાની લૂંટ

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૧

સોલાપુર પાસે મુસાફરોને ચાલતી ટ્રેનમાં લૂંટી લેવામાં આવ્યા હતા. યસવંતપુર-અમદાવાદ ટ્રેનમાં મુસાફરો લૂંટાયા છે. આ ઘટના અક્કલકોટ તાલુકાના બોરોટી-દુધની વચ્ચે બની છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રેલવે પોલીસને બાતમી મળી હતી કે સોમવારે (૧ માર્ચ) સવારે ૪.૩૦ વાગ્યે અજાણ્યા લૂંટારૂઓ દ્વારા સિગ્નલ કાપવામાં આવ્યું હતું. તે પછી એક કલાક માટે ટ્રેન સ્થળ પર રોકાઈ હતી તે. દરમિયાન ચોરોએ મુસાફરોને લૂંટી લીધા હતા. આ ઘટનામાં ચોરોએ મુસાફરો પાસેથી પચાસથી તોલાથી વધુ સોનું લૂંટી લીધુ હતુ.. ઘટનાની માહિતી મળતાં રેલવે અધિકારીઓ, રેલ્વે પોલીસ અને આરપીએફના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ૪ કરોડની વિદેશી સિગારેટ જપ્ત, બે મહિનામાં ડીઆરઆઈની બીજી કાર્યવાહી

### મહિલાઓ માટેના ચપ્પલના નામે ગુડાંગ હોટ વિદેશી સિગારેટનું કંટેનર મંગાવવામા આવ્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૧

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) એ બાતમીના આધારે રવિવારે નવી મુંબઈમાં દરોડા પાડ્યા હતા અને ૨૧ લાખથી વધુ વિદેશી સિગારેટ કબજે કરી હતી. આ સિગારેટની કિંમત ૪૦ મિલિયનથી વધુ થઈ શકે છે. આ સિગરેટ ગેરકાયદેસર રીતે દુબઈથી ભારત લાવવામાં આવતી હતી.

ડીઆરઆઈના જણાવ્યા અનુસાર અધિકારીઓને બાતમી મળી હતી કે નવી મુંબઈના જેએનપીટીમાં મોટાપાયે વિદેશી સિગારેટની દાણચોરી કરવામાં આવી રહી છે. રવિવારે બપોરે ડીઆરઆઈ ટીમે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તેઓએ જુદા જુદા બોક્સમાં ૨૧ લાખ ૬૦ હજાર ગુડાંગ હોટ વિદેશી સિગારેટ પેક જોયા. વિદેશી બ્રાન્ડની આ સિગરેટની કિંમત ૪ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જણાવાયું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દાણચોરી દ્વારા લાવવામાં આવેલા સિગરેટ બોક્સ પર કોઈ ચેતવણી મળી નથી, જ્યારે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે સિગારેટ અને અન્ય તમાકુ પેદાશોના પેકેટો પર ચેતવણી આપતી સૂચનાઓવાળા સંદેશાઓ ફરજિયાત કર્યા છે. તપાસમાં કરચોરીનો ઘટસ્ફોટ થયો છે. વિદેશી સિગારેટ પર ૧૦૦% થી વધુનો ટેક્સ લેવામાં આવે છે. અગાઉ ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ ડીઆરઆઈએ બાતમીદારની માહિતી પર કાર્યવાહી કરતાં ૧૮ લાખ વિદેશી સિગારેટ જપ્ત કરી હતી. આ સિગારેટની લેડિઝ સ્લિપર્સના નામથી દાણચોરી કરવામાં આવી હતી.

# અમિતાભ બચ્ચન પર મોતિયાની સર્જરી : સૂત્રો દ્વારા જાણકારી



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની મોતિયાની સર્જરી કરાવી છે. સુત્રોના જણાવ્યા અનુસાર અમિતાભ બચ્ચનને ૨૪ કલાકમાં હોસ્પિટલમાંથી મુક્ત કરવામાં આવશે. આ અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. બોલીવુડના એક વેબસાઈટ અનુસાર, અમિતાભ બચ્ચનની મોતિયાની સર્જરી કરાવી છે. ૨૪ કલાકમાં તેને હોસ્પિટલમાંથી ઘરેથી રજા આપવામાં આવશે.

તેઓ સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને તેના દ્વારા તેમના રોજિંદા જીવન વિશેની માહિતી પ્રદાન કરે છે. અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં એક જ લાઈન લખી છે. તેમણે લખ્યું, 'તબીબી સ્થિતિ .... સર્જરી ... હું લખી શકતો નથી. એબી.' અમિતાભે આ બ્લોગ ૨૭ મીએ લખ્યુ હતુ.. બિગ બીનો આ બ્લોગ વાંચ્યા પછી તેના ચાહકોની ચિંતા વધી ગઈ છે. ગયા વર્ષે બિગ બી કોરોનાથી સંક્રમિત થયા હતા.. અમિતાભની સાથે તેમના પુત્ર અભિષેક, પત્નીઐશ્વર્યા અને પૌત્રી આરાધ્યાને પણ કોરોનાથી સંક્રમિત થયા હતા. મોતિયાની શસ્ત્રક્રિયા વિશે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. હાલમાં તેની ઘણી ફિલ્મ્સનું શૂટિંગ કરવામાં આવી રહ્યું છે. 'કો બનેગા કરોડપતિ ૧૨' શો બંધ થયા પછી અમિતાભ બચ્ચન બ્રહ્માસ્ત્ર અને ચેહરેના શૂટિંગમાં વ્યસ્ત હતા. દરમિયાન, દરેક આ સમાચારથી ચિંતિત છે.

# નાલાસોપારામા મળસ્કે કામે જવા નીકળેલ સિક્યુરીટી ગાર્ડની હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

નાલાસોપારા પૂર્વમાં આજે સવારે કામ પર જતાં એક વ્યક્તિની હત્યા કરાઈ છે. તેની તીક્ષ્ણ વસ્તુ દ્વારા નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. નાલાસોપારાના શંખેશ્વર નગરમા રહેતો કૈ લાશ પાઠક (૫) આજે સવારે આશરે ૪.૩૦ વાગ્યાની આસપાસ કામે જવા નીકળતા કોઈ અજ્ઞાત વ્યક્તિએ તેની ધારદાર હથિયાર વડે હત્યા કરી હતી.દિવંગત કૈલાસ પાઠક વિલેપાર્લે ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. તે અઠવાડિયામાં એકવાર નાલાસોપારા સ્થિત તેના ઘરે આવતો હતો. તેના સબંધીએ માહિતી આપતા જણાવ્યુ છે કે તેની કોઈની સાથે કોઈ દુશ્મની નથી.પરંતુ તે આવ્યાની જાણ અને ઘરની નજીકમા જ હત્યા કરવામા આવતા કોઈ તેઓની આસપાસના વિસ્તારની વ્યક્તિએ હત્યા કર્યાની શંકા દર્શાવી છે.

જોકે, સવારે ચારથી પાંચ દરમિયાન તેની હત્યા કરવામાં આવી હતી. ત્યારે કોઈ જાણતું ન હતું. જોકે, સવારે સાત વાગ્યે પડોશીઓએ પરિવારને ઘટનાની જાણ કરી હતી. આ ઘટનાની જાણ પોલીસને પણ કરવામાં આવી છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી પંચનામા કર્યા હતા. ત્યારબાદ પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. પોલીસ લૂંટના હેતુથી હત્યા કરાઈ હતી કે કેમ તેની તપાસ કરી રહી છે.

# પુણેમાંકોરોનાવકર્યો:શાળા કોલેજ ૧૪ માર્ચ સુધી બંધ

### રાત્રે ૧૧ થી સવારે ૬ સુધી રાત્રિ કરફ્યૂ ચાલુ રહેશે

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧

મુંબઈ થાણે નવિમુંબઈ સહિત પુણેમાં કોરોનના કેસ દિવસે દિવસે વધી રહ્યા છે.નાગરિકો ગાઈડ લાઈન પાળતા નથી આથી ન છૂટકે સાવચેતીના પગલારૂપે પૂણે પાલિકા પ્રશાસન દ્વારા અહી રાત્રિ ૧૧ થી સવારે ૬ સુધી સંચારબંધી તેમ જ શાળા કૉલેજ ૧૪ માર્ચ સુધી બંધ રાખવા ઉપરાંત અનેક વિસ્તારો પ્રતિબંધિત જાહેર કર્યા છે. તેમ જ કોચિંગ ક્લાસ પણ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. આ પહેલા ધોરણ ૯ થી ૧૨ સુધીના શાળા કોલેજ ૪ માર્ચ સુધી ચાલુ રાખવાની પરવાનગી આપી હતી જો કે કોરોના કેસ વધતા ૧૪ માર્ચ સુધી બંધ રાખવાનો નવો આદેશ બહાર પાડ્યો હતો. આ ઉપરાંત જરૂરી કામ સિવાય બહાર નીકળનારા લોકો પર પણ કાર્યવાહી કરશે. માસ્ક નહિ પહેરનારા અને સોશ્યલ ડિસ્ટન્સ નું પાલન નહીં કરનારા લોકો પર કડક પગલાં અને દંડ વસૂલ કરાશે.

# સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૧

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૩૫૬૨૬ સોદામાં રૂ.૧૦૦૯૦.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૮૭૮ વધ્યો હતો. સીસા સિવાયની તમામ બિનલોહ ધાતુઓ ઘટી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૩૯,૨૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૮૧,૩૨૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યા હતા. કપાસમાં પણ સુધારો હતો, જ્યારે સીપીઓ, મેન્થા તેલ અને રબરના વાયદાઓમાં નરમાઈનો માહોલ હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૨૭૨૧ સોદાઓમાં રૂ.૫૫૬૫.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૧૩૯ અને નીચામાં રૂ.૪૫૮૨૯ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૭ વધીને રૂ.૪૫૮૭૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૮૩૨ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૫૮૩ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૪ વધીને બંધમાં રૂ.૪૫૬૮૩ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૫૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૫૭૫ અને નીચામાં રૂ.૬૭૭૬૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૭૮ વધીને રૂ.૬૮૧૩૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૪૫ વધીને રૂ.૬૯૫૨૨ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૭૨૯ વધીને રૂ.૬૯૫૨૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૩૩૪૭૮ સોદાઓમાં રૂ.૧૫૬૫.૪૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૬૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૨૫ અને નીચામાં રૂ.૪૫૮૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩ ઘટીને રૂ.૪૫૯૧ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૯૭૧ સોદાઓમાં કુલ રૂ.૪૧૪.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૦૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૨૦૦ અને નીચામાં રૂ.૨૨૦૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૦ વધીને રૂ.૨૨૧૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૬૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૪ ઘટીને બંધમાં રૂ.૧૦૫૭.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૪૩.૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૩ અને નીચામાં રૂ.૯૪૩.૬ રહી, અંતે રૂ.૯૪૮.૫ બંધ રહ્યો હતો.

સત્ય માટે, સત્ય સાથે સતત...
ચક્રવાત

# લુવારા પ્રકરણમાં સી.આઈ.ડી .(ક્રાઈમ) દ્વારા કરણી સેનાના જે .પી .જાડેજા તથા સૂર્યસેના મંગળુભાઈ વાંકનુ નિવેદન નોંધાયુ






ચક્રવાત ટીમ સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા તાલુકા ના લુવારા ગામે કાઠી ક્ષત્રિય સમાજ ના મહિલા હેમુબા ખાચર પર અમરેલી પોલીસે ખોટી રીતે ગુન્હો દાખલ કરી અને મહિલા પોલીસ ની ગેરહાજરી માં અત્યાચાર કરતા આ અંગે કરણી સેના તથા સૂર્યસેના દ્વારા થયેલી રજૂઆતો ના અનુસંધાને સરકાર દ્વારા આ કેસ ની તપાસ સી.આઈ. ડી .(ક્રાઈમ )ને સોંપવામાં આવતા, સી.આઈ.ડી. (ક્રાઈમ )ના આઈ.જી. સુભાષ ત્રિવેદીએ આ અંગે રજુઆત કર્તાઓ શ્રી રાજપૂત કરણી સેનાના ગુજરાતના અધ્યક્ષ જે.પી. જાડેજા તથા સૂર્યસેનાના અધ્યક્ષ મંગળુભાઈ વાંકને તેડુ મોકલી ગાંધીનગર મુકામે બોલાવી તેઓના બંધબારણે સતત બે કલાક સુધી વ્યક્તિગત નિવેદનો લીધા હતા.

આ તકે શ્રી રાજપુત કરણી સેનાના ગુજરાત પ્રભારી ભરતભાઈ કાઠી, સૌરાષ્ટ્ર મંત્રી સત્યેન્દ્રભાઈ ખાચર, રામભાઈ કરપડા, કનુભાઈ કરપડા, અમદાવાદ અધ્યક્ષ રાજેન્દ્રસિંહ મદાવાસ, સુરેન્દ્રસિંહ પરમાર, નટુભા પરમાર (વિરમગામ), પ્રવિણસિંહ જાડેજા (વિરમગામ) રાજકોટ પ્રભારી સત્યજીતસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા તથા રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના ગુજરાત અધ્યક્ષ શ્રી રાજ શેખાવત, રામકુભાઈ ખાચર, જયરાજભાઈ ખુમાણ (વકીલ), અજયભાઈ વાળા જેતપુર, જયરાજભાઈ વાળા, સૂર્ય સેના પ્રમુખ શ્રી મંગળુભાઈ વાંક, દેવાતભાઈ ખુમાણ, પ્રતાપભાઈ માલા, રવિભાઈ લાલુ વિગેરે આગેવાનો ગાંધીનગરમાં ઉપસ્તિથ રહ્યા હતા.



એન.સી.પી.ના વડા શરદ પવાર અને સાંસદ સુપ્રિયા સુળેએ જેજે હોસ્પિટલ મુંબઈ ખાતે આજે કોરોના વેક્સિન લીધી હતી.

# મનપાની ચૂંટણી માટે મુંબઈના એએલએમના ૨૩ સભ્યોનું આમ આદમી પાર્ટીને સમર્થન

## જાણીતા સામાજિક કાર્યકર ટેરેસા કોએલ્હો, રાજન મેહરોત્રા પાર્ટીમાં જોડાયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧

મુંબઈ. એડવાન્સ લોકેલિટી મેનેજમેન્ટ (એએલએમ) ના સભ્યો મુંબઈમાં 'સિવિક એક્ટિવિઝમ' ના મુખ્ય આધારસ્તંભ તરીકે ઓળખાય છે. આ સભ્યો સુનિશ્ચિત કરે છે કે મનપા તેમની આસપાસના પરિસરમાં વધુ સારું કાર્ય કરે છે અને આ માટે તેઓ અધિકારીઓ સાથે સંકલન કરી સમુદાયના પ્રશ્નો અને નાગરિકોની ફરિયાદોને સ્વૈચ્છિક રીતે વાચા આપવઆ માટે સમગ્ર મુંબઈમાં જાણીતા નામ છે.

તેઓ મનપાના કોર્પોરેટરો તેમજ મનપા કર્મચારીઓ સાથે તેમના કેમ્પસ કાર્ય માટે સતત સક્રિય રહે છે. પ્રચંડ ભ્રષ્ટાચાર અને રાજકીય ઈચ્છાશક્તિના અભાવને લઈને નાગરિકો મનપા વહીવટ અને રાજકીય પક્ષોના અસમર્થ કોર્પોરેટરોથી ભારે નિરાશ ઠયેલ છે.

તેવી જ રીતે, ૩૦ નાગરિકોએ આમ આદમી પાર્ટી દ્વારા ×સિટીઝન એક્ટિવિઝમ ટુ સિટિઝન પોલિટિક્સ - એ નેચરલ ઈવોલ્યુશન× વિષય પર આયોજિત વેબિનારમાં ભાગ લીધો હતો. ૨૩ એએલએમ સભ્યોએ પાર્ટીને ટેકો આપ્યો અને મનપા ચૂંટણી દરમિયાન, તેમના સંબંધિત વોર્ડમાં પાર્ટી માટે સમર્થન એકત્રિત કરવા અને સમુદાયના વિકાસમાં મદદ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. એએલએમ ચળવળના દિગ્ગજ નેતા મસ્તાન તંબાવાલા, આનંદ દેસાઈ અને રૂપાળી ઈનામદાર પહેલાથી જ મુંબઈમાં આમ આદમી પાર્ટીના વરિષ્ઠ સભ્યો છે. નાગરિકોમા - ટેરેસા કોએલ્હો અને રાજન મેહરોત્રા ઔપચારિક રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા. આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય પ્રવક્તા અને મુંબઈના પ્રભારી પ્રીતિ શર્મા મેનને કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી સામાન્ય લોકોની પાર્ટી છે અને અમે મુંબઈના નાગરિક ચળવળના વારસાના ખરા વારસો છીએ. સ્વચ્છ રાજકારણ એ નાગરિકની સક્રિયતાથી સાચે જ કુદરતી વિકાસ છે. આનંદની વાત છે કે એમ કહેવામાં આવે છે કે આવા સક્રિય નાગરિકો, જેઓ આસપાસના પ્રશ્નો પર નિસ્વાર્થ કામ કરે છે, આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

# લુણાવાડા ખાતે લિંબચ માતાજીનો ૩૭મો પાટોત્સવ ઉજવાયો



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૧

લુણાવાડા ખાતે ૨૧૨ ગામ લિંબચમાતા મંદીરમાં મહાવદ ત્રીજ એટલે માં લિંબચમાતાનો પ્રાગટ્ય દિવસ તે દિવસે માતાની નવચંડી રાખી મહા પ્રસાદ રાખવામાં આવે છે. પણ હાલ ની પરિસ્થિતિ ને જોતા મંડળ ના પ્રમુખ સુભાષભાઈ સબુરભાઈ વાળંદ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો કે હાલ આખું વિશ્વ કોરોના કહેર વચ્ચે જુમી રહ્યો છે ત્યારે સમાજ ના પ્રત્યેક વ્યક્તિ નું હિત વિચારી માતાજીનો પાટોત્સવ સાદાઈથી ઉજવી માત્ર હવનયજ્ઞ કરી માતાજીની કેકે કાપી પ્રસાદ આપી માતાજી ને સમાજ ના અને દેશના સર્વ નાગરિકને નિરોગી બનાવી સારી તંદુરસ્તી આંપે તેવી નેમ મૂકી માતાજીને પ્રથાના કરી હતી.

**સબ ભૂમિ ગોપાલકી. 'સામૂહિક' મતદાન અમલદારોનું મૌન!**

# ધારીમાં મતદાનની ગુપ્તતાનો સરેઆમ ભંગ કરતા અગ્રણીઓ




ચક્રવાત ટીમ, ધારી, તા.૦૧

મતદાન હંમેશા ગોપનીય રહેવું જોઈએ. આથી જ મતદાન કુટિરોની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી માત્ર એક ખેલ બની ચૂકી હોય તેમ હવે મતદાનમાં પણ મતદાન કુટીરમાં એકી સાથે વધુ લોકો જાણે કોઈ રમત રમતા હોય તેમ અંદર દાખલ થઈ અને મત આપીદે છે. ત્યારે ચૂંટણી એ માત્ર કોઈ રમત હોય તેવો આભાસ થાય છે. આ લોકતંત્રની બલીહારી નહીં તો બીજુ શું કહી શકાય ?

ધારી ખાતે ભાજપના આગેવાનોએ આ રીતે સામુહિક મતદાન કરી લોકશાહીની મજાક ઉડાવી હતી.

# પાટડી ખાતે સંત રિવદાસની જન્મજયંતીની ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૧

સુરેન્દ્રનગર જીલ્લા ના દસાડા તાલુકાના પાટડી ખાતે આજભક્તિ આંદોલનના પ્રણેતા, સંત શિરોમણી શ્રી રવિદાસ મહારાજ કે જેઓ કૃષ્ણ ભક્ત મીરાંબાઈના ગુરુ જેમને સામાજિક કુરિવાજો, અસ્પૃશ્યતા, છુઆછુંત, આભડછેટ, સામાજિક અસામનતાઓ દૂર કરવાની સાથે સાથે ધર્મ, સંસ્કૃતિ ની રક્ષા માટે ભક્તિ આંદોલનના માર્ગે સમાજ જાગરણનું અજોડ કાર્ય કર્યુ આવા મહાન સંતની જન્મ જયંતિની ઉજવણી પાટડી ખાતે કરવામાં આવી જેમ રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ અને સમાજના તમામ વર્ગના લોકોને જોડી સફળ આયોજન કરવામાં આવ્યું આ આયોજન શ્રી મોતીભાઈ ચાવડા, દીપકભાઈ ચૌહાણ, દીપકભાઈ પરમાર વગેરે સ્થાનિક લોકોના સામુહિક પ્રયત્નથી આયોજન કરવામાં આવ્યું હતું. અને સામાજિક સમરસતા નિર્માણ કરવા સૌ સંકલ્પ બદ્ધ થયા હતા.

# લિંબડીમાં આમ આદમી પાર્ટીને જબ્બર આવકાર



ચક્રવાત ટીમ લીંબડી, તા.૦૧

સુરેન્દ્રનગર જિલ્લા આમ આદમી પાર્ટીના આગેવાનો જેવા કે પરસોત્તમભાઈ મકવાણા, ડી ડી ઝાલા, હરેશ જાદવ પ્રવીણ પટેલ હરિભાઈ જાદવ વગેરે હોદેદારો તથા કાર્યકરોએ લીમડી શહેર વોર્ડ નંબર ૩ વોર્ડ નંબર ૬ તેમજ જિલ્લા પંચાયત શિયાણી સીટ પર પ્રચારનો ધમધમાટ ચૂંટણીના મુખ્ય મુદ્દાઓ ગુજરાતમાં ફ્રી શિક્ષણ આરોગ્ય વિવિધ સરકારી સેવાઓ બેરોજગારી અને સરકાર નિષ્ફળતાની વાત લોકો સમક્ષ રાખી લોકો દ્વારા ખૂબ જ સારો આવકાર મળ્યો અને આવનારા સમયમાં કામ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાના કાર્યો દ્વારા લોકોએ વધાવી લીધી.

# જામનગર ખોડીયાર કોલોનીમાંથી મોટરસાયકલની ઉઠાંતરી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

જામનગરના ઢીચડા રોડ પર વિશાલ પાર્ક શેરી નંબર ૨ ખાતે રહેતા અનિલ સોમાતભાઈ ગોજીયાનું કાળા કલરનું પોલીસના પટાવાળું સ્પલેન્ડર બાઈક નંબર જીજે ૧૦ સીએચ ૭૫૧૫ ગત તા. ૨૫-૧-૨૦૨૧ના સમય દરમિયાન જામનગરના ખોડિયાર કોલોનીમાં કોમ્પ્લેક્સની બાજુમાં રોડની સાઈડમાં રાખ્યું હતું. ત્યાંથી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો છે. આ અંગે અનિલભાઈ દ્વારા સીટી-સી ડિવિઝનમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# કોવીડ વેક્સિનેશનમાં સહભાગી થવા ચલાલા દાન આશ્રમના મહંત વલકુબાપુની અપીલ



ચક્રવાત ટીમ અમરેલી, તા.૦૧

સમગ્ર રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં પણ આજથી કોવીડ વેક્સિનેશનના ત્રીજા તબક્કાનો પ્રારંભ થયો છે ત્યારે અમરેલીના ચલાલા ખાતે આવેલા સુપ્રસીદ્ધ દાન મહારાજ આશ્રમના પૂજ્ય મહંત વલકુબાપુએ જાહેર જનતાને કોવીડ વેક્સિનેશનના ત્રીજા તબક્કામાં સહભાગી થવા નમ્ર અપીલ કરી હતી. નોંધનીય છે કે અમરેલી જિલ્લામાં આજથી શરૂ થતાં કોવીડ વેક્સીનેશન ડ્રાઈવના ત્રીજા તબક્કામાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના તમામ લાભાર્થીઓ તેમજ ૪૫ થી ૬૦ વર્ષ સુધીના કો-મોરબીડ કંડીશન એટલે કે જેઓ ડાયાબિટીસ, હાયપટેન્શન, હદયરોગ વિગેરે જેવી બીમારીથી પીડાતા હોય એવા તમામ લાભાર્થીઓને સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે અને જિલ્લાની ૬ ખાનગી હોસ્પિટલો ખાતે રૂ. ૨૫૦/- ચૂકવી રસી આપવાની કામગીરી કરવામાં આવશે.

# વિધાનસભાના બજેટ સત્રના પ્રારંભે દિવંગત સભ્યોને અંજલિ અર્પણ કરવામાં આવી

ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૦૧

મુખ્યમંત્રી અને વિધાનગૃહના નેતા વિજયભાઈ રૂપાણીએ ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રથમ દિવસે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખને રજૂ કરીને પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકી તેમજ સ્વ. કેશુભાઈ પટેલ સહિતના ચાર પૂર્વ દિવંગત રાજ્યમંત્રીઓ અને સાત પૂર્વ દિવંગત વિધાયકોને ભાવસભર અંજલિ આપી હતી.

મુખ્યમંત્રીએ પૂર્વ રાજ્યમંત્રીઓ દિવંગત સર્વ સુંદરસિંહ ચૌહાણ, બાબરભાઈ તડવી, રજનીકાંત રજવાડી અને રોહિતભાઈ પટેલના દુ:ખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી સદગત સભ્યોને શ્રદ્ધાંજલી પાઠવી હતી. તેમણે વિધાન સભાના પૂર્વ દિવંગત વિધાયકશ્રીઓ સ્વ. દિનકરભાઈ દેસાઈ, ચંદ્રાબહેન શ્રીમાળી, ધારશીભાઈ ખાનપુરા, જોધાજી ઠાકોર, નરેશ કનોડિયા, મેઘજીભાઈ કણઝારીયા અને ભૂપેન્દ્રસિંહ ખાંટના નિધન અંગે પણ દુ:ખ વ્યક્ત કરી આ સભ્યોને શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા. ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીએ તેમના મુખ્યમંત્રીકાળ દરમ્યાન ઉદ્યોગ, વીજળી, શિક્ષણ, સામાજિક કલ્યાણ તેમજ સાહિત્ય અને સંસ્કૃતિના ઉત્થાન દ્વારા વિકાસને નવી દિશા આપી હોવાનું સ્મરણ કર્યુ હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યની શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના શરૂ કરનારા સ્વ. માધવસિંહ સોલંકીએ કુશળ પ્રશાસક, દીર્ઘદ્રષ્ટા અને ગ્રામજગતના ઉત્થાન માટે વિચક્ષણ રાજપુરુષ તરીકે આપેલું યોગદાન સદાકાળ સ્મરણીય રહેશે. મુખ્યમંત્રીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલને લોકનેતા તરીકેની ભાવસભર અંજિલ આપતા કહ્યું કે, ગોકુળગ્રામ યોજનાથી સર્વાંગી ગ્રામીણ વિકાસના પ્રણેતા સ્વ.કેશુભાઈ પટેલે કિસાન પુત્ર તરીકે ખેડૂતોના હિતો પ્રત્યે પણ સદાય સંવદેના દર્શાવી હતી.

વિજયભાઈ રૂપાણીએ પૂર્વમુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલે મચ્છુ હોનારત વેળાએ તેમજ ૨૦૦૧માં કચ્છના ભૂકંપ વખતે કરેલી ઉત્કૃષ્ટ કામગીરીનું પણ સાદર સ્મરણ કર્યું હતું. તેમણે ઉમેર્યું કે, સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે દીર્ઘકાલિન સેવાઓ આપનારા સ્વ.કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન ખેડૂત, ગામડા, સામાજિક ઉત્કર્ષ અને રાજ્યના સર્વગ્રાહી વિકાસ માટે ખપાવી દીધું હતું. મુખ્યમંત્રીએ દિવંગત સ્વ.કેશુભાઈ પટેલના અવસાનથી રાજ્યના રાજકીય-સામાજિક જીવનમાં ન પૂરાય તેવી ખોટ પડી છે અને આપણે મૂઠી ઉંચેરા સંવેદનશીલ નેતા ગુમાવ્યા છે તેમ પણ ભાવસભર શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રીએ આ સૌ દિવંગત સભ્યોને સભાગૃહ વત્તી શ્રદ્ધાસુમન પાઠવતાં જનપ્રતિનિધી તરીકેની તેમની સેવાઓ અને લોકપ્રશ્નોને ગૃહમાં વાચા આપવાના દાયિત્વની સરાહના કરી હતી. વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, સત્તાપક્ષ અને વિપક્ષના ધારાસભ્યોએ પણ આ દિવંગત સભ્યોને આદરાંજલિ પાઠવતા શોક પ્રસ્તાવમાં ભાગ લીધો હતો. સમગ્ર સભાગૃહે બે મિનીટનું મૌન પાળીને સૌ પૂર્વ દિવંગત સભ્યોને અંજલિ આપી હતી અને શોકસંતપ્ત પરિવારો પ્રત્યે દિલસોજીની લાગણી વ્યક્ત કરી હતી.

# જોડીયા : લખતરમાં નજીવી બાબતે યુવાન પર હુમલો

## પાઇપ અને ધોકા માર્યાની પિતા-પુત્ર સહિત ચાર સામે પોલીસ ફરિયાદ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

જોડિયા તાલુકાના લખતર ગામમાં નજીવી બાબતે યુવાન પર પિતા-પુત્ર સહિત ૪ શખ્સોએ હુમલો કરીને ઈજા કર્યાની ફરિયાદ દાખલ થઈ છે. જોડિયા તાલુકાના લખતર ગામમાં રહેતા રહીમભાઈ અલીયાસ ભાઈ લાડક ઉમર વર્ષ ૨૪ નામના શ્રમિક યુવાનને આરોપી નરસીએ વાત વાતમાં અપશબ્દો કહ્યા હતા, આથી અપશબ્દો આપવાની ના પાડતા, આરોપીએ ઝાપટ મારીને તેના દિકરા તથા ભત્રીજાને બોલાવીને ગત તા. ૨૬ ના રોજ લખતર ગામે ફરિયાદી રહીમભાઈને પકડી રાખી તથા અન્ય શખ્સોએ તેના પર લોખંડનો પાઈપનો ઘા ઝીંકી દીધો હતો તેમજ એક શખ્સે લાકડાના ધોકા વડે આડેધડ માર મારી ઈજા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી દીધી હતી. રહીમભાઈ લાડક દ્વારા આ બનાવ અંગે જોડીયા પોલીસમાં લખતર ગામમા રહેતા નરસી પ્રેમજી ચૌહાણ, વિમલ નરસી ચૌહાણ, પરેશ નરસી ચૌહાણ અને જીગા કારૂ ચૌહાણ નામના ચાર ઈસમ વિરૂદ્ધ આઈપીસીની કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪. ૫૦૬ (૨), ૧૧૪, જી પી એક્ટ ૧૩૫(૧) મુજબ ફરિયાદ નોંધાવી હતી.

# ગીર સોમનાથ જિલ્લામાં આજથી વુધ્ધ વ્યક્તિઓનેકોરોનારસીઆપવાનોપ્રારંભ




## કલેકટર અજય પ્રકાશે આજે કોવિશિલ્ડ વેક્સીનનો બીજો ડોઝ લીધો

ચક્રવાત ટીમગીર સોમનાથ, તા.૦૧

સમગ્ર ગુજરાત રાજ્યમાં આજેથી ૬૦ કે તેથી વધુ વર્ષના વયોવુધ્ધ લોકો અને ૪૫થી નીચેના વયના ગંભીર રોગથી પીડાતા લોકોને કોવિશિલ્ડ વેક્સીનના પ્રથમ ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ સરકારી હોસ્પિટલ ખાતે આજે ૪૫થી ૫૯ વર્ષના બી.પી, ડાયાબીટીશ અને ગંભીર રોગથી પીડાતા લોકોને તેમજ ૬૦ કે તેથી વધુ વર્ષના લોકોને કોવિશિલ્ડ વેક્સીન આપવાનો પ્રારંભ કરાયો છે. જોકે, આ રસીકરણ ત્રીજા રાઉન્ડમાં થઈ રહ્યું છે.

# જામનગરમાં કોરોનાના રસી કેન્દ્રો જાહેર

## આજથી જાહેર જનતાના લાભાર્થે કોવિડ રસીકરણ




ચક્રવાત ટીમ જામનગર, તા.૦૧

સરકારની ગાઈડલાઈન્સ અનુસાર ૬૦ વર્ષથી વધુના તમામ તથા ૪૫ થી ૫૯ વર્ષના નિયત કરેલા કોર્મોબીડીટી ધરાવતા નાગરિકોનું ૧ માર્ચ ૨૦૨૧ થી રસીકરણ શરૂ થયું છે. ઉપરોક્ત રસી તમામ સરકારી આરોગ્ય કેન્દ્રમાં નિ:શુલ્ક રહેશે તથા ખાનગી હોસ્પિટલોમાં મહત્તમ રૂા. ૧૦૦ વહીવટી ચાર્જ તથા રૂા. ૧૫૦ વેક્સિન ચાર્જ લેવામાં આવશે, તેમ સરકારી યાદીમાં જણાવાયું છે.

જામનગરમાં બંદર રોડ યુ.પી. એચ.સી., બેડી ગ્રામ પંચાયતના મકાનમાં બેડી, બેડીબંદર યુ.પી.એચ. સી., બેડીબંદર રોડ, રેલવે ફાટક પાસે, ગોમતીપુર યુ.પી.એચ.સી., હાલાર હાઉસની બાજુમાં, ઈન્દિરા માર્ગ, ગુલાબનગર યુ.પી.એચ.સી., સિન્ડિકેટ સોસાયટી, ગુલાબગર, પાનવાડા યુ.પી. એચ.સી., પટણીવાડ કોમ્યુનિટી હોલ, પાનવાડા ચોક, ખાટકીવાડ,

કામદાર કોલોની યુ.પી.એચ. સી., કામદાર કોલોની શેરી નં. ૨, રિલાયન્સ પંપ પાછળ, નિલકંઠનગર યુ.પી.એચ.સી., નાનકપુરી સીંધી સ્કૂલ, રણજીતસાગર રોડ, પાણાખાણ યુ.પીએચ.સી., પાણાખાણ મેઈન રોડ, જકાતનાકાની બાજુમાં તેમજ જી.જી. હોસ્પિટલ-૧, પંડિત નહેરૂ માર્ગ, જામનગર, જી.જી. હોસ્પિટલ-૨, પંડિત નહેરૂ માર્ગ-જામનગર અને જામનગર ક્રિટિકલ કેર સેન્ટર, ઓશવાળ કોલોની, સુમેર ક્લબ રોડ, જામનગરમાં રસીકરણની વ્યવસ્થા કરાઈ છે.

# સુરેન્દ્રનગર રતનપર કુંડીવાવ પરબ સેવા ગુપની અનોખી સેવા

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૧

સુરેન્દ્ર નગરના રતનપર વિસ્તારમાં પરબ સેવા ગુપ કુંડીવાવ રતનપરના મિત્રો દ્વારા ૨૫૦૦ નારિયલ નું કીડિયારું દરેલી ખાંડ લોટ ભરીને નારિયલ ભરીને અલગ અલગ સીમમાં પુરવામાં આવેલા આવા કોરોના મહામારીની મંદીમાં પણ આવા અનેક સેવા ભાવી ગ્રુપ દ્વારા સેવા કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**ખંભાળિયા :** શારદા હાઈસ્કૂલના નિવૃત આચાર્ય સોની લલીતભાઈ ખીમજીભાઈ પારેખ (ઉ. વ. ૭૦) (એલ. કે. પારેખ, હાલ રાજકોટ) તે સ્વ. વૃજલાલ કાલીદાસ રાણપરા (માડાગાસ્કર વાળા)ના જમાઈ તેમજ ઝિલાબેન અને વિરલના પિતા તથા દિપકકુમાર જામવેચા અને ભૂમિકાબેનના સસરા, તેમજ સ્વ. વિનુભાઈ, નરેન્દ્રભાઈ, ઈન્દ્રવદનભાઈ, હિતેશભાઈ અને હેમંતભાઈના મોટાભાઈ તથા હેતાર્થ અને જીયાંશના દાદા, વિવેક અને પ્રિશાના નાના તા. ૨૭ના અવસાન પામ્યા છે. ટેલિફોનિક શોક વ્યક્ત કરવા વિરલ-૭૬૦૦૦૦૬૦૮૮, હેમંતભાઈ-૭૯૯૦૦૭૧૯૭૦, દિપકકુમાર-૯૮૭૯૨૪૫૮૪૬.

**ખંભાળિયા :** વાંઝા દરજી પ્રભુદાસ સવજીભાઈ પીઠીયાના પુત્ર ચંદ્રેશભાઈ (ઉ.વ.૪૫) (આનંદ ટેઈલર્સ વાળા) તે સુરેશભાઈ (એસ.પી. ટેઈલર્સ)ના નાનાભાઈ તથા જતિનભાઈ (શુભમ ટેઈલર્સ )ના મોટાભાઈ તા. ૨૬ મીના રોજ અવસાન પામ્યા છે.

# ચોથી ટેસ્ટમાં કોહલીની સદીની રાહ જોતા દર્શકોઃ ૧૧ ઈનિંગ્સથી સદી નથી ફટકારી



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

વિરાટ કોહલી આ નામ સામે આવે એટલે સતત રન ફટકારનાર બેટ્સમેનનું નામ જ નજરની સામે આવે. પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી તેનું બેટ બોલ્યું નથી. ટેસ્ટ હોય કે વન-ડે. પછી ટી-૨૦. વિરાટ કોહલી એકપણ ફોર્મેટમાં સદી ફટકારી શક્યો નથી. હાલમાં ઈંગ્લેન્ડ સામે ચાર ટેસ્ટ મેચની સિરીઝ ચાલી રહી છે. તેમાં ચાહકોને આશા હતી કે વિરાટ કોહલીના બેટમાંથી રનનો ધોધ નીકળશે. પરંતુ તે તમામ આશા ઠગારી નીવડી. એક નહીં પરંતુ ત્રણ ટેસ્ટ પૂરી થઈ ગઈ છે. પરંતુ હજુ સુધી કોહલીના બેટમાંથી સદી નીકળી શકી નથી. વિરાટ કોહલીને સચિન તેંડુલકરની ૧૦૦ સદીના રેકોર્ડને તોડવાનો દાવેદાર માનવામાં આવી રહ્યો છે. પરંતુ લાંબા સમયથી તે પોતાની ૭૧મી સદી માટે તરસી રહ્યો છે.

વિરાટ કોહલીએ છેલ્લે બાંગ્લાદેશ સામે નવેમ્બર ૨૦૧૯માં ડે-નાઈટ ટેસ્ટમાં સદી ફટકારી હતી. પરંતુ તેના પછીથી કોહલી ક્રિકેટના એકપણ ફોર્મેટમાં સદી ફટકારી શક્યો નથી. સંયોગની વાત એ છે કે તેની છેલ્લી સદી પણ ડે-નાઈટ ટેસ્ટમાં જ જોવા મળી હતી.

કોહલીએ ૨૦૦૮માં આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેના પછી ૨૦૨૧ સુધી ૧૩ વર્ષમાં ૭ સદી ફટકારી છે. ૨૦૧૯ના અંત સુધી ફેન્સ દાવો કરવા લાગ્યા હતા કે જે સ્પીડથી કોહલી સદી ફટકારી રહ્યો છે તે સચિનનો રેકોર્ડ તોડી નાંખશે. તેના પછી જાણે કોહલીને નજર લાગી ગઈ. ૧૧ ઈનિંગ્સથી સદી માટે તરસતો કોહલી અમદાવાદ ટેસ્ટમાં માત્ર ૨૭ રન બનાવીને આઉટ થઈ ગયો. ૫૮ બોલ રમ્યા પછી તેને જેક લીચે ક્લીન બોલ્ડ કરી દીધો.

કોહલીની કારકિર્દીમાં આ બીજી વખત એવું બન્યું છે. જ્યારે તે ૧૧ ઈનિંગ્સમાં કોઈ સદી ફટકારી શક્યો નથી. તેની પહેલાં ઓગસ્ટ ૨૦૧૫થી લઈ જુલાઈ ૨૦૧૬ની વચ્ચે ૧૧ ઈનિંગ્સ સુધી કોહલીના બેટમાંથી એકપણ સદી નીકળી ન હતી. સદી માટે સૌથી લાંબો ઈંતઝાર કોહલીને ૨૦૧૧-૧૨માં કરવો પડ્યો હતો. જ્યારે ૧૩ ઈનિંગ્સમાં તે એકપણ સદી ફટકારી શક્યો ન હતો.

# ઇંગ્લેન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાંથી વરૂણ ચક્રવર્તી બહાર થાય તેવી શક્યતા

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ સિરીઝ બાદ ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની ટી૨૦ સિરીઝ રમવાની છે. ટી૨૦ સીરીઝ માટે ટીમની ઘોષણા થઈ ચૂકી છે, જેમાં વરુણ ચક્રવર્તીનું નામ પણ છે. જો કે, આ દરમિયાન, સમાચાર આવી રહ્યા છે કે આ સ્પિનર ??ટી -૨૦ શ્રેણીમાંથી બહાર થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વરૂણ ચક્રવર્તીએ બીસીસીઆઈના નવા ફિટનેસ ટેસ્ટમાં સારું પ્રદર્શન કર્યું નથી, જેના કારણે તેમને બહાર બેસવું પડી શકે છે.

એક અહેવાલ મુજબ વરૂણ ચક્રવર્તી પર ટીમની બહાર થવાનો ખતરો છે કારણ કે તેણે ભારતીય ખેલાડીઓ માટે બનાવવામાં આવેલી નવી ફિટનેસ ટેસ્ટમાં સારું પ્રદર્શન કર્યું નથી. બીસીસીઆઈની નવી ટેસ્ટમાં ૨ કિમીની દોડ ૮.૫ મિનિટ અને યો-યો પરીક્ષણમાં ઓછામાં ઓછો ૧૭.૧નો સ્કોર બનાવવાનો હોય છે. મીડિયા સાથે વાત કરતી વખતે વરૂણ ચક્રવર્તીએ કહ્યું કે, તેઓ હજી પણ બીસીસીઆઈના જવાબની રાહ જોઈ રહ્યો છે. તેમના કહેવા મુજબ હજુ સુધી કોઈએ તેમને કંઈ કહ્યું નથી.



વરૂણ ચક્રવર્તીની સાથે પાંચ મહિનામાં એવુ બીજી વાર થશે જ્યારે તે ટીમ ઈન્ડિયાની બહાર થશે. ઓસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સિરીઝ માટે તેની ટીમ ઈન્ડિયામાં પસંદગી થઈ હતી પરંતુ ઈજાના કારણે તેને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. વરૂણ ચક્રવર્તીએ ગઈ સીઝનમાં દ્બદ્બઈ માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ તેને ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું હતું. ઈજા બાદ વરૂણ ચક્રવર્તીને રાષ્ટ્રીય ક્રિકેટ એકેડેમીમાં રાખવામાં આવ્યો હતો.

# ભારત વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં પહોંચશે તો એશિયા કપ ટળી જશેઃ પીસીબી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

જો ટીમ ઈન્ડિયા વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચે છે તો આ વર્ષે જૂનમાં યોજાનાર એશિયા કપ ટળી જશે. આવું કહેવું છે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ એહસાન મનીનું. કરાચીમાં મીડિયા સાથે વાતચીતમાં મનીએ કહ્યું કે,'તારીખો તકરાઇ રહી છે. અમને લાગે છે કે, ટૂર્નામિન્ટને ૨૦૨૩ સુધી આગળ વધારી દેવી જોઇએ.'

પીસીબીના સીઇઓ વસીમ ખાનનું પણ આવું જ કહેવું છે. તેમના અનુસાર પણ ભારત વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચશે તે નક્કી છે. જે આ વર્ષે ૧૮ જૂનનાં રોજ લંડનનાં ઐતિહાસિક મેદાન લૉર્ડસમાં રમાશે. એશિયા કપનું આયોજન પણ જૂન મહિનામાં જ થવાનું છે, જેની યજમાની શ્રીલંકા કરશે. ગત વર્ષે આ ટૂર્નામેન્ટ કોરોના મહામારીના કારણે યોજાઇ ન હતી.

ટી-૨૦ વિશ્વ કપ પણ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાશે, જેની યજમાની ભારત કરશે. પાકિસ્તાનનાં સામેલ થવા પર હજૂ પણ શંકા યથાવત છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષે પણ આજે વધુ એક વખત આ મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રાખી છે. મનીએ કહ્યું કે, ભારત જ્યાં સુધી તેમની ટીમ, પ્રશંસકો અને પત્રકારાને વિઝા આપવાનો લેખિતમાં આશ્વાસન આપતું નથી, ત્યાં સુધી તેઓ ટૂર્નામેન્ટ યૂએઈમાં કરવાની માંગ કરતા રહેશે. બોર્ડે આઇસીસીને પોતાના વિચારોથી અવગત કરાવી દીધુ છે.

મનીએ કહ્યું કે, પાકિસ્તાનનાં આખા દળની સુરક્ષા વ્યવસ્થાને લઇ બીસીસીઆઇ પાસે લેખિતમાં આશ્વાસન ઇચ્છીએ છીએ. મનીએ કહ્યું,'આ બિગ થ્રીની માનસિક્તા બદલવાની જરૂર છે. અમે આઇસીસીને કહી દીધુ છે કે, અમે માર્ચના અંત સુધીમાં લેખિતમાં આશ્વાસન જોઇએ કે આગળ શું કરવું છે નહીં તો અમે વિશ્વ કપનું આયોજન ભારતમાં નહીં પણ યૂએઇમાં કરાવાની માંગ કરીશું.

## અમદાવાદ, મુંબઇ, બેંગ્લુરુ, ચેન્નાઇ, કોલકાત્તા અને દિલ્હી ખાતે મેચો રમાશે

# આઇપીએલના આયોજન માટે છ શહેરોની પસંદગી કરાઇઃ નરેન્દ્ર મોદી સ્ટેડિયમનો સમાવેશ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧

બીસીસીઆઈએ આ વર્ષે થનારી આઈપીએલના આયોજન માટે છ શહેરોની પસંદગી કરી લીધી છે. આ વખતે મુંબઈ, બેન્ગલુરુ, ચેન્નઈ, કોલકાતા, અમદાવાદ અને દિલ્હી આઈપીએલની મેચોની યજમાની કરશે. જોકે મુંબઈ દર્શકોની હાજરી વગરે આઈપીએલની યજમાની કરશે. આ વખતે ત્રણ ટીમો રાજસ્થાન રોયલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ પોતાના સ્થાનિક મેદાન પર નહીં રમી શકે. જે છ શહેરોને આઈપીએલની મેચોની યજમાની સોંપવામાં આવી છે, એમાં એકમાત્ર અમદાવાદ એવું શહેર છે, જેની કોઈ ફ્રેન્ચાઈઝી ટીમ નથી. બાકીનાં પાંચ શહેરોની ફ્રેન્ચાઈઝી ટીમ છે, જે પોતાના ઘરેલુ મેદાન પર મેચ રમી શકશે.



મહારાષ્ટ્ર સરકારે વાનખેડે સ્ટેડિયમમાં દર્શકોને મેચમાં જવાની મંજૂરી નથી આપી. આઈપીએલ ૧૧ એપ્રિલે શરૂ થશે. કેટલાંક રાજ્યોમાં મેચ દરમ્યાન દર્શકોને મંજૂરી નહીં મળશે, જ્યારે કેટલાંક રાજ્યોમાં સ્ટેડિયમની ક્ષમતાના અનુસાર ૫૦ ટકા દર્શકોની મંજૂરી આપવામાં આવશે, એવો નિર્ણય બીસીસીઆઈએ કર્યો છે. એક ફ્રેન્ચાઈઝીના અધિકારીએ કહ્યું હતું કે આ ભયભીત કરતું છે. એક અથવા બે રાજ્યોમાં એનું આયોજન કરવાનું યોગ્ય હોત. વર્ષ ૨૦૨૦ના સત્રના ત્રણ સ્થાનોમાં આયોજન કરવામાં આવ્યું હતું, જે યોગ્ય રીત હોત. બીસીસીઆઈએ પ્રસ્તાવ મૂક્યો હતો કે આઠ ટીમોનાં ગ્રુપોમાં વહેંચી દેવા જોઈએ.

રાજસ્થાન રોયલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સની ટીમનાં શહેરોમાં આયોજિત થનારી ટુર્નામેન્ટના પક્ષમાં નથી. એક અધિકારીએ કહ્યું હતું કે અમે સૌથી વધુ લાભ અમારા ઘરે (શહેરો)માં થનારી મેચોમાંથી મળશે. આવામાં ઘરેલુ મેદાનોમાં અમે મેચ નહીં રમીએ તો ક્વોલિફાય કરવાનું મુશ્કેલ થશે.

# વિવિયન રિચાર્ડએ ચોથી ટેસ્ટમાં સ્પિન ટ્રેક વાળી પિચ બનાવવા કહ્યું

(જી.એન.એસ.)જમૈકા,તા.૧

વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ કેપ્ટન વિવિયન રિચાર્ડનએ ભારત અન ઈંગ્લેન્ડની વચ્ચે અમદાવાદમા રમાયેલી ડે-નાઈટની પીચની ટીકા કરનારે આડેહાથ લીધા છે. તેમના નિશાને ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડી છે જે મોટેરાની પીચને ટેસ્ટને યોગ્ય ગણતા નથી. રિચાર્ડને તેમને જવાબ દેતા કહ્યુ કે જો તેમને મોકો મળે તો તેઓ ચોથી ટેસ્ટમાં પણ આવી જ પીચ બનાવેત.



તેમણે કહ્યુ કે, મને તાજેતરમાં જ ભારત અને ઈંગ્લેન્ડની બીજી અને ત્રીજી ટેસ્ટને લઈને સવાલ કરવામાં આવ્યો હતો. મને હકિકતનાં આ સવાલને લઈને થોડી દુવિધા છે. કેમ કે જે વિકેટ ઉપર આ મેચ રમાઈ હતી, તેને લઈને બહુ સવાલો ઉભા કરવામા આવ્યા હતા, પીચ અંગે સવાલો ઉભા કરવામાં આવ્યા હતા. મને લાગે છે કે જે લોકો આ પીચની ટીકા કરી રહ્યા છે, મારા મતે તેને આ અહેસાસ હોવો જોઈએ કે કેટલીક વાર તમને સીમિંગ ટ્રેક મળે છે. જેના પર ગુડ લેંથ પર ઉછાળ લઈને બોલ આવે છે અને કેટલીક વાર બેટ્સમેનોએ તેની સામે સંઘર્ષ કરવો પડે છે.

તેમણે કહ્યું કે હવે તમારે તેની બીજી સાઈડ જોવી પડશે અને મને લાગે છે કે આજ કારણ છે કે તેને ટેસ્ટ મેચ ક્રિકેટ નામ આપવામાં આવ્યું છે. હકિકતમાં આ ફોર્મેટમાં રમતા સમયે તમારી ઈચ્છાશક્તિ અને માનસિક મજબૂતિનો ટેસ્ટ થાય છે. જો તમે ફરિયાદ કરો છો કે પીચ ટર્નિંગ છે તો તે સિક્કાની બીજી બાજુ છે. લોકો તે ભુલી જાય છે કે જો તમે ભારત જઈ રહ્યા છો તો તમારે આવી જ પીચની આશા રાખવી જોઈએ.

# સ્ત્રીશકિતને સમાનતા અને સમરસતાઓ પુર્ણ અધીકાર ક્યારે ?

સામુહિક બળાત્કારની ઘટનાઓના વિકાસથી ગભરાયેલ નારીપુજકો અને મહિલા કાર્યકરોએ દેશભરમાં જનચેતના જગાવી દિધેલી તે ચેતનાથી મુળભુત સમાજજીવનમાં સ્ત્રીને સાચી સમાનતાનો. કોઈ બદલાવ આવી શકયો નહી,

ઘરેલુ હિંસા માટે કડક કાયદાઓ અમલમાં છે, ભરણપોષણના કાયદાઓ અમલમાં છે, સંમતિથી લગ્નેતર શારીરિક સંબંધોને ગુનો ગણવાનો કાયદો રદ થતા સંમતિથી શારીરિક સ્વતંત્રતા પણ મળી, છતાં બધુ કાગળ ઉપર રાજકીય અને કાયદાકીય પ્રક્રિયાઓના ભાગ બની ગયુ,

મહિલા સશક્તિકરણ માટે અબજો રૂપિયા ખર્ચાય છે બેટી બચાવો, બેટી પઢાવોના દિવાલે દિવાલે બેનરો અને પોસ્ટરો ચોંટાડીને રાજનેતાઓએ લોજીકલ સશક્તિકરણ બતાવી દિધુ પરંતુ બેટીઓને માટે મફત શિક્ષણની વ્યવસ્થા કરવાને બદલે ભણાવો અને પુષ્કળ ફી ભરીને શિક્ષણના ગ્રાહક બનો જેવી હકીકત ઉભી થયેલી,

સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં પુરતી ક્ષમતાથી નારીશક્તિને પુરવાર કરી છે, આકાશમાં વિમાન ઉડાતી સ્ત્રી સીમા ઉપર સૈનિક બની ઉભી છે, દર્દીઓની સારવારમાં નર્સ ડોક્ટર ફિર્માસિસ્ટ બની ચીવટપુર્ણ બોદ્ધિકતા સાબિત કરી છે, અભિનેત્રીઓ આખી ફિલ્મને ખભા ઉપર ઉઠાવીને બ્લોક બ્લસ્ટર બનાવી શકે છે, કોર્ટમાં ન્યાયાધીશ તરીકે, વકિલ તરીકે કાયદાઓની શતરંજને પારખતી સ્ત્રીઓ કોલેજોમાં અધ્યાપન આપતી મહિલા આઈપીએસ બની કાયદો વ્યવસ્થાને સજ્જડ બનાવી રહી છે, લેખક, કવિ, ગાયક,

## મહિલા દિવસે એક દિવસ માટે પુરુષી ભક્તિમાં મહિલા સશક્તિકરણનો ઉફાણો આવે છે પછી સ્ત્રી માટે ભોગ્યાભાવી તર જામવા લાગે છે





રમતવિરાંગના બનેલી સ્ત્રી શકિત એ સંસારમાં એમની બૌદ્ધિક ક્ષમતા, શારીરિક દક્ષતા પુરવાર કરી છે, છતાં પણ આજનો ભારતીય સમાજ સ્ત્રીને માનસિક રીતે સમાનતા આપી શકતો નથી,

માં બનેલી સ્ત્રીએ જન્મ આપવાની શકિતથી સમગ્ર સંસાર નિર્માણ કરવામાં પાયાની ભુમિકા નીભાવી છે, ભારતીય ધર્મ પરંપરામાં દેવીઓ, નવદુર્ગાઓ, જોગણીઓ, મહાવિદ્યાઓના મંત્રો, યજ્ઞો, પુજાઓ કરીએ છીએ, દેવીભાગવતોના પાઠ કરનારા જીવતી જાગતી દુર્ગાશકિત સ્ત્રીઓને આદરણીય ગણવામાં અંહમ છોડી શકતા નથી,

સ્ત્રી આરક્ષણ માટે સતત રાજકીય પ્રયાસો ચાલતા રહે છે પરતું સ્ત્રીઓને સંસારમાં તેની અડધી વસ્તી પ્રમાણે અડધુ આરક્ષણ આપવામાં આવતુ નથી,

સામાજીક સભ્યતાઓ અને કુટુંબ પરીવારની, સગા સંબંધીઓ, કૌટુંબિક પ્રસંગોની જવાબદારી સંભાળતી સ્ત્રી સંસારના હદય સમાન છે જમીનથી આસમાન સુધી જ્યાં જ્યાં પુરુષનો અંહમ ડગલા ભરતો હોય ત્યાં બાજુમાં સ્ત્રીના પગલાં પડતા રહ્યા છે છતાં પચાસ ટકા આરક્ષણ આપવાનું ઉતરદાયિત્વ પુરુષ પ્રધાન રાજકારણ નીભાવવામાં આવતું નથી,

દેશના ઉદ્યોગ ક્ષેત્રે, બેંકીગ અર્થવ્યવસ્થા ક્ષેત્રે મહિલાઓ સર્વોચ્ચ પદો નીભાવી રહી છે, દુનિયાની આંતરાષ્ટ્રીય સંસ્થાઓમાં મહિલા રાજદૂતો અને મહિલા અધિકારીઓ ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, અવકાશયાનમાં બ્રહ્માંડની સફર કરવામાં ભારતની નારીએ સક્ષમતા અને બહાદુરી ફળીભુત કરી બતાવી છે,

સ્ત્રીઓના વિકાસ માટે અનેક સંસ્થાઓ અસ્તિત્વમાં છે દેશ વિદેશમાંથી પુષ્કળ અનુદાન મેળવતી મહિલા સંસ્થાઓ અને મહિલા એનજીઓએ સ્ત્રીઓને પ્રશાસન અને લોકપ્રતિનિધિત્વમાં સમાનતા આપવા રાષ્ટ્રીય આંદોલન ચલાવ્યું નથી,

ભારતની ન્યૂઝ ચેનલો ઉપર એન્કરીગમાં અને ચર્ચા મંચો ઉપર મહિલાઓનુ એક હથ્થુ શાસન ચાલે છે તેથી મિડિયાના માધ્યમથી ન્યૂઝ એન્કરો, મહિલા પત્રકારોએ લોકપ્રતિનિધિ ક્ષેત્રે મહિલા સમાનતા માટે રાષ્ટ્રિય જાગૃતિ સાથે અભિયાન ચલાવવાની પહેલ કરવી જોઈએ.

ખેતરમાં ખેતી કરતી સ્ત્રીને સંસદમાં બેસવું નથી, ફેકટરીના મશીનો ઉપર કૌશલ્ય દાખવતી સ્ત્રી, ધોમધખતા તાપમાં રસ્તા ઉપર પરસેવો સિંચતી સ્ત્રીને મંત્રી કે પ્રધાન થવાની ઈચ્છા નથી હોતી પરંતુ સમાનતાથી વેતન અને સન્માન માટે તેનો અધિકાર મેળવવાની ઈચ્છા જરુર હોય છે,

અદાલતોમાં હજારો મહિલા ન્યાયાધીશો, લાખો મહિલા વકિલો, લાખો મહિલા ડોકટરો, હજારો આઈ.એ.એસ. અને આઈ.પી.એસ., આઈ.આર.એસ. મહિલા બ્યુરોક્રેટસ ભારતના પ્રશાસન અને સમાજ વ્યવસ્થામાં અડધી જવાબદારી સુપેરે નીભાવી રહી છે મહિલાઓ સંસદ, વિધાનસભા, પંચાયતો, કોર્પોરેશનો, નગર પરીષદોમાં લોકપ્રતિનિધિત્વની જવાબદારી નીભાવી રહી છે ત્યારે સમાનતા આપવાનો સમય પાકી ગયો છે,

સ્ત્રી સમાનતા માટે સૌથી પહેલા લોકપ્રતિનિધિત્વના ક્ષેત્રે પુરુષની સમાન સંખ્યામાં સ્ત્રી આરક્ષણ આપવાની જરુર છે, કારણકે સ્ત્રી મતદારો પુરુષ જેટલા હોય છે તો તે પ્રમાણે અડધુ પ્રતિનિધિત્વ મહિલાઓનું હોવું જોઈએ, સંવિધાનથી મળેલી નાગરીક સમાનતામાં લીંગભેદ કરવામાં આવી રહ્યો છે તે લીંગભેદ નાબુદ કરીને સમાનતાનો સમય પાકી ગયો છે,

ઘરમાં અને પરીવારમાં સતત જવાબદારી સાથે ફરજ બજાવતી સ્ત્રીશકિતની સંવેદનાઓને પુરતો ન્યાય મળશે ત્યારે ભારત સંપુર્ણ મહાસતા બનશે,

પ્રાકૃતિક ગુણોથી સ્ત્રીની દુશ્મન સ્ત્રી હોવાની વાતો ખત્મ થઈ ચુકી છે એક સ્ત્રી બીજી સ્ત્રીની ઈર્ષા કરતી એ જમાનો ગયો છે આજની શિક્ષિત અને ડીઝીટલ મહિલા વિકાસ હવે પરસ્પર ઈર્ષાને બદલે તંદુરસ્ત સ્પર્ધાની કરી રહી છે,

દેશમાં મહિલા ગુનેગારો, લેડી ડોન, મહિલા માફીયાઓ, મહિલા ચોરો, મહિલા બુટલેગરો પણ બહોળી સંખ્યામાં છે એટલે એમ કહી શકાય કે પુરુષ કરી શકે તે બળ બુધ્ધિ હિમ્મતના બધા ક્ષેત્રે મહિલાઓ સફળતાથી સમાનતાથી કાર્ય કરી રહી છે, સામાજીક, રાજકીય, આર્થિક, પારીવારીક, અસામાજિક, ન્યાયીક, એમ જ્યાં પુરુષ ત્યાં સ્ત્રી સમાન ક્ષમતા પુરવાર થયેલી છે

ભારતને સર્વાંગી વિકાસ અને સુદ્રઢ અર્થનીતિ તથા રાજનીતિ માટે ગ્રામ પંચાયતથી સંસદ સુધી સમાન આરક્ષણ આપી સમાનતા આપવી સૌથી મહત્વની જરૂરિયાત છે લોકશાહીની સ્વતંત્રતા માટે એજ ખરુ મહિલા સશક્તિકરણ ગણાશે.

રાજ પ્રજાપતિ

## કોન ચલા ગયા યે ઈમ્પોર્ટન્ટ નહીં હૈ,કૌન અબ ભી સાથ હૈ વો ઈમ્પોર્ટન્ટ હૈ

# આઈશા આપઘાત કેસઃ પતિએ વોટ્સએપ સ્ટેટસ મૂકતા વિવાદ સર્જાયો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

અમદાવાદમાં દહેજને લઈ આઈશા નામની મહિલાએ સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલું કર્યું હતું. પણ મોત પહેલાંનાં તેના અંતિમ વીડિયોમાં તેણે હસતાં મોઢે દુનિયાને અલવિદા કહી દીધું હતું. અને માણસનો ચહેરો ફરીથી ક્યારેય ન બતાવવા ખુદાને કહ્યું હતું. તેવામાં આઈશાના મોત બાદ તેના નફ્ફટ પતિએ વોટ્સએપ સ્ટેટસ મુક્યું હતું. જેને લઈને લોકોમાં ભારે આક્રોશ થઈ રહ્યો છે.

આઈશાએ પોતાના દહેજભૂખ્યા પતિ આરીફ ખાનને કારણે જીવન ટૂંકાવવાનો નિર્ણય કર્યો હતો. આપઘાત પહેલાં પણ આઈશાએ આરીફને ફોન કરી મરવાનું કહ્યું હતું. તે સમયે પણ આરીફે તેને મરવું હોય તો મરી જા એવો જવાબ આપ્યો હતો. આઈશાના આપઘાત પણ તેના નફ્ફટ પતિએ વોટ્સએપ સ્ટેટસ રાખ્યું હતું. જેમાં તેણે લખ્યું હતું કે, કોન ચલા ગયા યે ઈમ્પોર્ટન્ટ નહીં હૈ, કૌન અબ ભી સાથ હૈ વો ઈમ્પોર્ટન્ટ હૈ. આઈશાના મોત બાદ પણ દુઃખના બે આંસુ વહાવવાને બદલે તેના પતિએ નફ્ફટ બનીને વોટ્સએપ સ્ટેટસ મુક્યું હતું. આઈશાના મોતથી જ્યાં હજારો લોકોની આંખો નમ થઈ ગઈ હતી. પણ આઈશાના મોતથી તેના પતિને કાંઈક ફરક જ ના પડ્યો હોય તેમ તેના વોટ્સએપ સ્ટેટસ પરથી લાગી રહ્યું છે. હાલ તો હજારો લોકો આરીફ પર ફિટકાર વરસાવી રહ્યા છે. અને તેના આવાં સ્ટેટસથી ભારે આક્રોશમાં છે.

# ના હોય..અનિલ કપૂર ફિલ્મના સેટ પર રાહુલ બોસને મારી નાંખવા માંગતો હતો..!!

(જી.એન.એસ.) મુંબઈ,તા.૧

ફિલ્મની કહાની સિવાય ફિલ્મ શુટિંગ વખતેના કિસ્સા પણ ઘણી વખત વાયરલ થતાં રહે છે. એવી જ એક કહાની છે ફલ્મ દિલ ધડકને દો વખતેની. અનિલ કપૂરે એક જોરદાર વાત શેર કરી છે જે હવે વાયરલ થઈ રહી છે. અનિલ કપૂરે કહ્યું કે એક સીનમાં તે એટલો ડૂબી ગયો હતો કે રાહુલ બોસને લગભગ જીવથી મારી નાંખવાનો હતો. તેણે જે કર્યું એ શુટિંગનો ભાગ નહોતો. શુટિંગ પર હાજર મિત્રો પણ કહેવા લાગ્યા હતા કે અનિલ તું આ શું કરી રહ્યો છે.

અનિલ કપૂરે પોતાના ટ્વીટર પર વર્ષ ૨૦૧૫માં આવેલી ફિલ્મ દિલ ધડકને દોની શુટિંગનો એક ખાસ વીડિયો શેર કર્યો છે અને આ વીડિયો સાથે જ અનિલ કપૂરે ખુલાસો કર્યો કે, તેને એ હદ ગુસ્સો આવ્યો હતો કે તે રાહુલ બોસને જીવથી મારી નાખવાનો હતો. અનિલ કપૂરે કહ્યું કે તેની દીકરીનો જમાઈનો રોલ રાહુલ કરી રહ્યો હતો અને રાહુલની હરકતો પર તેને ભારે ગુસ્સો આવતો હતો.



અનિલ કપૂરે આગળ વાત કરી કે એ સીનમાં રાહુલ બોસ પોતાની પત્ની પ્રિયંકા ચોપડા પર સૌની સામે ગુસ્સે થાય છે અને તેનો હાથ ખેંચવાની કોશિશ કરે છે. આ જોઈને પ્રિયંકાના પિતાનો રોલ કરનાર અનિલ કપૂરને ગુસ્સો આવે છે. સીન એવો હતો કે અનિલ રાહુલને દિવાલ તરફ ધક્કો મારે, પણ એના બદલે અનિલ કપૂર ઉભો થયો અને એક તાર લીધો, પછી તાર તેના ગળામાં બાંધી દીધો અને તેના તરફ ખેંચવા લાગ્યો.

અનિલ કપૂરના સીનમાં આવું કશું હતું જ નહીં. આ નજારો જોઈને સેટ પર હાજર દરેક લોકો ચોંકી ગયા. બધાએ અનિલ કપૂરને રોકી લીધો અને સમજાવ્યું કે આ માત્ર ફિલ્મનુ એક સીન છે. ત્યારબાદ તેણે રાહુલ બોસ પાસે માફી માંગી હતી.

# વેક્સિનનો પ્રારંભ:રાજકોટમાં કોરોના વેક્સિનેશનના ત્રીજા તબક્કામાં મ્યુનિ. કમિશનર, સંતો સહિતના મહાનુભાવોએ વેક્સિન લીધી

## વિજય રૂપાણીનો આભાર, વેક્સીન માટે સાધુ-સંતોની પસંદગી કરી - સ્વામી પરમાત્માનંદ સરસ્વતી: મ્યુ. કમિશનર ઉદિત અગ્રવાલ અને ખોડલધામના પ્રમુખ નરેશ પટેલે વેકસીન લીધી

રાજકોટ, તા. ર

રાજકોટ જિલ્લામાં આજથી વેક્સિનેશનના ત્રીજા તબક્કાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે અનેક મહાનુભાવોએ વેક્સિન લઈને લોકોને પણ વેક્સિન લેવા માટે અપીલ કરી હતી, જ્યાં સ્વામી પરમાત્માનંદ સરસ્વતીએ કહ્યું હતું કે,ઝ્રસ્ વિજય રૂપાણીનો આભાર, તેમણે વેક્સીન માટે સાધુ- સંતોની પસંદગી કરી. તો મંગલમ હોસ્પિટલ ખાતે ખોડલધામના પ્રમુખ નરેશ પટેલે વેકસીન લીધી હતી અને કહ્યું હતું કે, કોરોનાથી બચવા વેકસીન લેવી ખૂબ જરૂરી છે, માટે હું દરેક લોકોને વેકસીન લેવા અપીલ કરું છું. ???આ ઉપરાંત રાજકોટ મ્યુ. કમિશનર ઉદિત અગ્રવાલ અને પોલીસ અધિકારીઓ સહિતના પદાધિકારીઓએ વેક્સિનનો ડોઝ લીધો હતો રાજકોટ મ્છજીના ત્રણ સંતોએ ખાનગી હોસ્પિટલમાં વેક્સિન લીધી હતી, સાથોસાથ રાજ્યસભાના પૂર્વ સાંસદ અભય ભારદ્વાજના પત્ની અલ્કાબેન ભારદ્વાજે પણ ખાનગી હોસ્પિટલમાં વેક્સિન લઈને ત્રીજા તબક્કાની શરૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે






કે સાંસદ અભય ભારદ્વાજનું નિધન કોરોનાને કારણે જ થયું હતું.

હિન્દુ ધર્મઆચાર્ય સભાના મહાસચિવ અને કન્વીનર પરમાત્માનંદ સરસ્વતીએ વેક્સિન મુદ્દે સોશયલ મીડીયમાં એક વિડીયોના માધ્યમથી નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઝ્રસ્ વિજય રૂપાણીનો ખુબ ખુબ આભાર કે તેમણે વેક્સીન માટે સાધુ-સંતોની પસંદગી કરી, ખાસ તો હું સૌને જણાવી દઉં કે સોશ્યલ મીડિયા પર ચાલતી વેક્સિન માટે ભ્રમાંક વાતો ઉપર વિશ્વાસ ન કરવો જોઈએ. વેક્સિન લોકો માટે સંપૂર્ણ પણે સેફ છે, મેં પણ વેક્સિન લીધી છે, ખુદ દેશના વડાપ્રધાન મોદીએ વેક્સિન લઈને લોકોને વેક્સિન લેવા માટેનો સંદેશો આપ્યો છે. આજે તો સાધુ-સંતો પણ વેક્સીન લઈને લોકો માટે ઉધાહરણ સ્વરૂપ બની રહ્યા છે. માટે મારી સર્વેને વિનંતી છે કે અચૂક પણે વેક્સિન લેવી જ જોઈએ.

વેક્સિન લીધા બાદ રાજકોટ સ્વામિનારાયણ સંપ્રદાયના અપૂર્વમુની સ્વામીએ જણાવ્યું હતું કે, કોરોના વિરુદ્ધ વૈશ્વિક લડાઈને મજબૂત કરવામાં આપણા ડોક્ટર્સ અને વૈજ્ઞાનિકોએ જે ઝડપથી કામ કર્યું છે એ અસાધારણ છે. હાલ જ્યારે સમગ્ર વિશ્વના લોકો જ્યારે વેક્સિનની પ્રશંસા કરતા હોય ત્યારે રાજકોટના દરેક નાગરિકે વેક્સિન અચૂક લેવી જ જોઈએ. મને ગઈકાલે ઝ્રસ્ વિજય રૂપાણીએ પણ ફોન કરીને કહ્યું હતું કે સંતો પણ વેક્સિનનો લાભ લે, ત્યારે આજે મ્છજીના ત્રણ સંતો સહિત લોકોએ રસી લીધી છે. હું દરેક લોકોને અપીલ કરું છું કે તેઓ કોરોનાથી બચવા અવશ્ય વેક્સિન લે.

હાલ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં પણ વેક્સિનેશન શરૂ થઈ ગયું છે ત્યારે મનપાના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન બિપિનભાઈ અઢિયાએ આજ રોજ સિવિલ હોસ્પિટલમાં વેક્સિન લીધી હતી અને જણાવ્યું હતું કે, આ રસી શરીરમાં પ્રવેશ્યા બાદ કોરોનાના ચેપ વિરુદ્ધ એન્ટીબોડી પેદા કરે છે. કોરોના સામેની લડાઈમાં વેક્સિનેશન એ ભારતનું સફળ કદમ છે. વિશ્વનું સૌથી મોટું રસીકરણ શરૂ થયું છે. રસી લેવાથી ઘણા ફાયદા છે. ૬૦ વર્ષના ઈતિહાસમાં રસીકરણના કારણે શીતળા, ઓરી અછબડા આ રોગોને કન્ટ્રોલ કરી શકાયા. માટે મારી સર્વે રાજકોટવાસીઓને વિનંતી છે કે તમે પણ વેક્સિન જરૂરથી લેજો

રાજકોટ શહેરમાં ૧૪ ખાનગી સહિત આ માટે ૩૮ જગ્યાએ વ્યવસ્થા કરાઇ છે. આરોગ્ય શાખાના જણાવ્યા અનુસાર ત્રીજા તબક્કામાં આ રસીકરણ અભિયાન માટે ખાનગી હોસ્પિટલમાં બી.ટી. સવાણી, ક્રાઈસ્ટ, ઓલમ્પસ, જલારામ, સદ્દભાવના, સત્યસાંઈ હાર્ટ, સ્ટર્લિંગ, વોકહાર્ટ, લોટસ, વેદાંત સહિતની હોસ્પિટલ જ્યારે સિવિલ, પદ્મકુંવરબા ઉપરાંત શહેરના આરોગ્ય કેન્દ્રમાં રસી અપાશે.આ રસી સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે આપવામાં આવશે, જ્યારે ખાનગી હોસ્પિટલમાં આ રસીની એકમાત્રા માટે ૨૫૦ રૂપિયા લેવામાં આવશે. જેમાં રૂ.૧૫૦ રસીના અને ૧૦૦ સર્વિસ ચાર્જ થશે.

# સરધારના હલેન્ડા વચ્ચે એસટી બસ સ્ટોપ નહીં આપતા ચક્કાજામના દ્રશ્યો

## રાજકોટ-ભાવનગર હાઇવે પર બંને તરફ ટ્રાફિકજામ : સરધાર નજીક હલેન્ડા ગામે વિદ્યાર્થીઓએ એસટી બસ રોકો આંદોલન કર્યા

રાજકોટ, તા. ર

રાજકોટ જિલ્લાના સરધાર નજીક આવેલા હલેન્ડા ગામે છેલ્લા ઘણા સમયથી એસટી બસ સ્ટોપ નહી કરતા આજે વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિદ્યાર્થીઓએ બસ રોકો આંદોલન કરી અમરેલી, ભાવનગર, જસદણ તરફથી આવતી તમામ બસો રોકી હતી. આથી રાજકોટ-ભાવનગર હાઈવે પર બંને તરફ ટ્રાફિકજામ થયો હતો. એસટી બસના પૈડા થંભી જતા બસની અંદર મુસાફરી કરી રહેલા લોકો અકળાયા હતા.




વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, લોકલ રૂટની બસો પણ અહીં સ્ટોપ કરતી નથી. આથી અમારે સ્કૂલ-કોલેજ જવું કંઇ રીતે. ઉપરથી જ બસો હાઉસફૂલ આવતી હોવાથી બસમાં ઉભા રહેવાની પણ જગ્યા મળતી નથી. આથી બસો સ્ટોપ કરતી નથી. આથી આજે અમે રસ્તા પર ઉતરી આવી બસ રોકો આંદોલન પર ઉતર્યા હતા. હલેન્ડા ગામમાં બસ રોકવા માટે અમે અનેકવખત એસટી વિભાગને રજુઆત કરી છે છતાં પણ કોઈ યોગ્ય જવાબ આપતું નથી.

બસ રોકો આંદોલન પર વિદ્યાર્થીઓ ઉતરી આવતા ગામના સરપંચ વનરાજભાઈ સહિત ગામના આગેવાનો દોડી આવ્યા હતા. વિદ્યાર્થીઓને ખાતરી આપતા વનરાજભાઈએ જણાવ્યું હતું કે, હું રાજકોટ, જસદણ સહિતના ડેપોમા લેખિત રજુઆત કરીશ અને આનો ઊકેલ બે દિવસમાં ન આવે તો અમે તમારી સાથે જોડાઈને આદોલન કરીશું. બાદમાં વિદ્યાર્થીઓએ એસટીને જવા દીધી હતી. ઘણી એસટી બસો હલેન્ડામાં ઊભી રાખતા નથી. સરધારમાં પણ ઘણી બસો ઊભી રહેતી નહી હોવાનું પણ લોકોએ જણાવ્યું હતું.

# ગોંડલ યાર્ડમાં ઘઉંની મોટા પ્રમાણમાં આવક થતા શ્રમિકોએ મજૂરીમાં વધારો માંગતા હરાજી અટકી

ગોંડલ, તા. ર

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની આવક પણ શરૂ થઈ છે ત્યારે ઘઉં વિભાગમાં મજૂરીકામ કરતા શ્રમિકો દ્વારા ઘઉંના કટાની મજૂરીમાં વધારાની માંગ કરાતાં ઘઉંની હરાજી બંધ થઈ હતી સામે શ્રમિકો પણ હડતાલ શરૂ કરાતા ઘઉં વિભાગનું કામકાજ અટક્યું હતું.

શ્રમિકો દ્વારા ઘઉંના કટ્ટાની મજુરીમાં ૭૫ પૈસા વધારાની માંગ કરાતા શ્રમિકો, વેપારીઓ અને ખેડૂતો વચ્ચેની મડાગાંઠ સર્જાવા પામી હતી જેને લઈ માર્કેટિંગ યાર્ડમાં ઘઉં ની હરાજી બંધ થતાં શ્રમિકો વેપારીઓ અને ખેડૂતો યાર્ડની ઓફિસ ખાતે ચેરમેન ગોપાલભાઈ શિંગાળા પાસે ધસી ગયા હતા. ચેરમેન દ્વારા સમજૂતીથી મજૂરીના પ્રશ્નનું નિરાકરણ લાવવા સૂચન કરાયું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ



રીતે ઝગડો કરવાથી કોઈ સમસ્યાનું નિરાકરણ નહીં આવે. આપણે મળીને આ બાબતે ચર્ચા કરીએ.

ગોંડલ યાર્ડના ચેરમેન ગોપાલભાઈ શિંગાળાની ઘણી સમજાવટ છતાં પણ શ્રમિકો અને વેપારીઓ વચ્ચેનો રોષ યથાવત રહ્યો હતો, જેથી કોઈ પક્ષ ન માનતા ઘઉંની હરાજી અટકી ગઈ હતી. અને હવે યાર્ડના ચેરમેન દ્વારા આવતીકાલે આ સંદર્ભે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારબાદ રાબેતા મુજબ હરાજી શરૂ થઈ જશે તેઓ આશાવાદ વ્યક્ત કરાયો હતો.

# ચાલુ વિધાનસભા સત્રમાં જ લવ જેહાદનો કાયદો લાગુ કરવામાં આવશેઃ પ્રદિપસિંહ જાડેજા

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧

ગુજરાત વિધાનસભાનું સત્ર આજથી શરૂ થયુ છે. આ સત્રમાં લવ જેહાદનો કાયદો લાગુ કરવામાં આવશે. ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદાને લાગુ કરવાને લઈને મોટુ નિવેદન આપ્યુ હતું.

ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદા અંગે જણાવ્યુ કે, "ગત ટર્મની વિધાનસભામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા અનેક કાયદા લાવવામાં આવ્યા છે, તેને કારણે ગુજરાતમાં શાંતિ, સલામતી, સુરક્ષા પ્રસ્તાપિત કરી રહ્યા છીએ. આવુ જ લવ જેહાદના શેતાનને નાથવા માટે લવ જેહાદના નામે હિન્દૂ નામ ધારણ કરીને કેટલાક લોકો મહિલા, દીકરીઓને પ્રેમજાળમાં ફસાવી ધર્મ પરિવર્તન કરી આંતરજ્ઞાતિય લગ્ન, આંતરધર્મના લગ્નો કરાવે છે, તેને અટકાવવા માટે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક લાવીને ગુજરાતમાં લવ જેહાદની પ્રક્રિયા ગુજરાત સરકાર ચલાવી લેવા માંગતી નથી. આજે થતુ ધર્માન્તર આવતીકાલે અનેક પ્રશ્નો ઉભા કરી, અનેક મહિલાઓના થતા શોષણ સામે કડકમાં કડક કાયદો લાવવાનો નિર્ધાર ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરવામાં આવ્યો છે."

લવ જેહાદના કાયદા સિવાય ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં ગુજરાત આયુર્વેદિક યૂનિવર્સિટી, ગુજરાત રિસ્પોન્સિબિલીટી ૨૦૨૦, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ ટૂનિવર્સિટીને પંડિત દિનદયાલ ઉર્જા યૂનિવર્સિટી નામ આપવા માટે અને ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષય વિધેયક રજૂ કરવામાં આવશે."

મહત્વપૂર્ણ છે કે, ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થયુ છે. વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે સ્વર્ગિય કેશુભાઇ પટેલ અને માધવસિંહ સોલંકીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ૩ માર્ચે નીતિન પટેલ બજેટ રજૂ કરશે. નીતિન પટેલ સતત સાતમી વખત વિધાનસભાનું બજેટ રજૂ કરશે. ૨૦૨૧-૨૨ માટે પેપર લેસ હશે અને બજેટ ૨ લાખ કરોડ સુધી પહોચે તેવી શક્યતા છે.

# સુરત પાસ સમિતિએ મોટેરા સ્ટેડિયમના નામ મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

(જી.એન.એસ.) સુરત,તા.૧

અમદવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડીયમનું નામ હટાવી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવામાં આવ્યું હોવાથી સુરતમાં પાસ સમિતિએ કલેકટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. સુરત કલેકટર કચેરીએ મોટી સંખ્યામાં પાસના કાર્યકતાઓ પહોચ્યાં હતા. પાસ દ્વારા સુત્રોચાર સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. સાથે જ ઝડપથી યથા સ્થિત ન કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમનું નામ હટાવી નરેન્દ્ર મોદી સ્ટેડીયમ કરવામાં આવતા સુરતમાં પાસ સમિતિએ કલેકટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. પાસ કન્વીનર ધાર્મિક માલવિયાએ જણાવ્યું હતું કે, દેશની ધરોહર સમાન, દેશના મહાપુરુષોના નામની સાથે અને કંઇકને કંઈક આ દેશના ઈતિહાસ સાથે ગુજરાત રાજય સરકાર ચેડા કરી રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડીયમનું નામ હટાવી નરેન્દ્ર મોદી સ્ટેડીયમ કરવામાં આવ્યું છે, તે રાષ્ટ્ર પુરુષનું અપમાન છે. આ દેશના ઈતિહાસનું અને દેશની સંસ્કૃતિનું અપમાન છે.

ધાર્મિક માલવિયાએ વધુમાં જણાવ્યું હતું કે, આવેદન આપી અમે આ સ્ટેડિયમનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ રાખવામાં આવે તેવી માંગ કરી છે. સાથે જ ચીમકી આપી હતી કે, જો આ સ્ટેડિયમનું નામ ફરી સરદાર વલ્લભભાઈ સ્ટેડિયમ રાખવામાં નહી આવે તો સમગ્ર રાજયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

### કૂવામાં ગેસ સફાઈ માટે ઉતરતા બની ઘટના

# કાંકરેજમાં કૂવામાં ગેસ ગળતરની ગૂંગળામણથી બેના મોત

(જી.એન.એસ.)કાંકરેજ,તા.૧

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં આવેલા મોટા જામપુર ગામે મોડી સાંજે ગેસ ગળતરની ઘટના સામે આવી છે. જેમાં ખેતરમાં આવેલા બાયોગેસના કૂવામાં ઉતરેલા બે શખ્સોના ગૂંગળામણના કારણે મોત થયા છે. જ્યારે અન્ય ૪ લોકોને ઝેરી ગેસની અસર થતાં તેમને સારવાર માટે રાધનપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, કાંકરેજના મોટા જામપુર ગામે રહેતા રંગનાથ ચૌધરીના ખેતરમાં બાયોગેસનો પ્લાન્ટ આવેલો છે. આ પ્લાન્ટમાં ગેસ ગળતર થતાં તેની સફાઈ કરવા માટે રંગનાથ ચૌધરીના પુત્ર આનંદ ચૌધરી અને ભાગીદાર સુંધાજી ઠાકોર કૂવામાં ઉતર્યા હતા. જ્યાં ગૂગળામણના કારણે તેઓ મોતને ભેટ્યા હતા. કૂવામાં ઉતર્યાના કલાકો સુધી બહાર ના આવતા આજુબાજુના લોકો પણ કૂવામાં ઉતર્યા હતા. જો કે ગેસ ગળતરના કારણે અન્ય ૪ લોકોને અસર થતાં બેભાન બન્યા હતા. આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને સિહોરી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બન્ને મૃતદેહોનો પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી, જ્યારે ૪ અસરગ્રસ્તોને રાધનપુરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા છે. આ ઘટનાને પગલે ગામમાં ગમગીની છવાઈ છે.

# અમદાવાદના કલેક્ટર અને પોલીસ કમિશનરે પણ લીધી કોરોના વેક્સીન

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

દેશભરમાં કોરોના વેક્સિનનો બીજો તબક્કો શરૂ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીની એમ્સ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સીન લીધા બાદ હવે અન્ય લોકો પણ કોરોના વેક્સીન લઇ રહ્યા છે. અમદાવાદના કલેક્ટર સંદીપ સાંગલે અને પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે પણ કોરોના વેક્સીનનો ડોઝ લીધો હતો. અમદાવાદના કલેક્ટર સંદીપ સાંગલે અને પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે સિવિલ હૉસ્પિટલમાં કોરોના વેક્સીનનો ડોઝ લીધો હતો.







Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)